
વર્ષ 01, અંક 21

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

01-15 મે, 2021
નિઃશુલ્ક



## સ્વપ્ન સાકાર બન્યું ઉજ્જવલા


સ્કીમને કારણે રસોડાં ધૂમાડારહિત બનતા દેશની મહિલાઓનાં જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે

# સંકલ્પ સે સિદ્ધિ

# એક્ઝામ વોરિયર
## નવા અવતારમાં

અલીના તયાંગઃ હું અરૂણાચલ પ્રદેશના રોઇંગની રહેવાસી છું. આ વખતની પરીક્ષાનાં પરિણામ વખતે કોઇએ મને પૂછ્યું કે મેં 'એક્ઝામ વોરિયર્સ' પુસ્તક વાંચ્યું છે કે નહીં? મેં ના પાડી. પણ પાછા ફરતી વખતે મેં આ પુસ્તક ખરીદ્યું અને બેથી વધુ વાર વાંચ્યું. પુસ્તક વાંચ્યા પછી મારો અનુભવ ખૂબ સારો રહ્યો. મને લાગ્યું કે આ પુસ્તક મેં પરીક્ષા પહેલા વાંચ્યું હોત તો મને ઘણો લાભ થયો હોત. મને આ પુસ્તકની કેટલીક બાબતો ગમી. મેં નોંધ્યું કે તેમાં વિદ્યાર્થીઓ માટે અનેક મંત્રો છે, પણ વાલીઓ અને શિક્ષકો માટે પુસ્તકમાં ખાસ કંઇ નથી. જો તમે પુસ્તકની નવી આવૃત્તિ બહાર પાડવા વિચારતા હો તો વાલીઓ અને શિક્ષકો માટે પણ કેટલાંક મંત્રો લખો.

વડાપ્રધાનઃ મારા યુવા સાથીઓને પણ ભરોસો છે કે દેશના પ્રધાન સેવકને કામ સોંપવામાં આવશે તો થઇ જ જશે. મારા આ નાના મિત્રએ મને કામ પણ સોંપી દીધું છે, કંઇક કરવાનો આદેશ આપી દીધો છે. હું જરૂર તમારા આદેશનું પાલન કરીશ.




**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એક્ઝામ વોરિઅર્સ' પુસ્તકના નવા સંસ્કરણમાં વિદ્યાર્થીઓ ઉપરાંત માતા-પિતા અને શિક્ષકો માટે આ રીતે કેટલાંક રોચક મંત્રો જોડ્યા, જેથી વિદ્યાર્થીઓ તાણમુક્ત થઈને પરીક્ષામાં બેસી શકે**

**આજે જ તમારી નકલ મગાવો**

https://www.narendramodi.in/examwarriors
https://www.amazon.in/Exam-Warriors-Revised-Updated-Narendra/dp/0143449974/ref=asc_df_0143449974/?tag=googleshopdes-21&linkCode=df0&hvadid=396986125419&hvpos=&hvnetw=g&hvrand=11787528220984750938&hvpone=&hvptwo=&hvqmt=&hvdev=c&hvdvcmdl=&hvlocint=&hvlocphy=9061650&hvtargid=pla-1193639338926&psc=1&ext_vrnc=hi

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ 01, અંક 21 01-15 મે, 2021

**સંપાદક**
જયદીપ ભટનાગર,
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,
નવી દિલ્હી

**પરામર્શ સંપાદક**
સંતોષકુમાર
વિનોદકુમાર

**ડિઝાઈનર**
રવિન્દ્રકુમાર શર્મા

**પ્રકાશક અને મુદ્રક**
સત્યેન્દ્ર પ્રકાશ,
મુખ્ય મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન વતી)

**મુદ્રણ:**
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ
એરિયા,
ફેઝ-2, નવી દિલ્હી-110020

**પ્રકાશન સ્થળ:**
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન, બીજો માળ,
સૂચના ભવન,
નવી દિલ્હી-110003

ન્યૂ ઈન્ડિયા સમાચાર

RNI No. : DELGUJ/2020/78810

response-nis@pib.gov.in

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| 1 | સંપાદકની કલમે | પેજ 02 |
| 2 | પ્રતિભાવ | પેજ 03 |
| 3 | સમાચાર-સાર | પેજ 4-5 |
| 4 | વ્યક્તિત્વ: ગોપાલકૃષ્ણ ગોખલે | પેજ 6 |
| 5 | આત્મનિર્ભર ભારત | પેજ 7-9 |
| 6 | કોરોના સામેની લડાઈ | પેજ 10-11 |
| 7 | આઝાદી કા અમૃત મહોત્સવ | પેજ 12-13 |
| 8 | પરીક્ષા પે ચર્ચા | પેજ 14-16 |
| 9 | કેબિનેટના નિર્ણયો | પેજ 17 |
| 10 | કવર સ્ટોરી | પેજ 18-25 |
| 11 | ઈન્ટરવ્યુ: પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન | પેજ 26-27 |
| 12 | પુસ્તક વિમોચન | પેજ 28-29 |
| 13 | પોખરણ ખાતે ઓપરેશન શક્તિ | પેજ 30-31 |
| 14 | સામાજિક સલામતી યોજના | પેજ 32-33 |
| 15 | ઉસ્તાદ સ્કીમ | પેજ 34 |
| 16 | પ્રેરણાદાયી જીવન: મહારાણા પ્રતાપ | પેજ 35 |
| 17 | સકારાત્મક અભિગમ | પેજ 36 |

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર,

આશા છે કે તમે બધાં સ્વસ્થ હશો. ગયા વર્ષે દેશે સાથે મળીને કોરોનાને માત આપી હતી. ભારત ફરી એક વાર ઝડપથી અને તાલમેલ રાખીને આ વખતે પણ કોરોનાને હરાવશે. આપણા વૈજ્ઞાનિકોએ રસી બનાવી છે, જેથી આપણે કોરોના સામે લડી શકીએ. જ્યાં સુધી આપણે કોરોનામાંથી સંપૂર્ણ રીતે મુક્ત ન થઈએ ત્યાં સુધી આપણે માસ્ક પહેરવું અને સામાજિક અંતરનું પાલન કરવું જેવી સાવધાની રાખવાની જરૂર છે. આ કપરા સમયમાં દેશનું નેતૃત્વ અત્યંત સંવેદનશીલતા સાથે પગલાં ભરી રહ્યું છે અને તમામ પ્રકારની દવાઓ-હોસ્પિટલોની જરૂરિયાત પૂરી પાડવામાં આવી રહી છે, તેથી ગભરાવાની જરૂર નથી, પણ રોગથી તમારી જાતને બચાવવા પગલાં ભરો.

કોરોના સામેની લડાઈ હોય કે દેશમાં યોજનાઓ દ્વારા પરિવર્તન લાવવાનું હોય, જનભાગીદારીએ હંમેશા દેશને નવી દિશા આપી છે. આનું પરિણામ એ આવ્યું કે આજે ગામડે ગામડે ગેસની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે, જેનો લાભ ગરીબોને પણ થયો છે. આઝાદીના દાયકાઓ સુધી રસોઈ ગેસની સુવિધા એક ખાસ વર્ગ પૂરતી મર્યાદિત હતી. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાએ સામાન્ય માણસના જીવન સ્તરથી લઈને સ્વાસ્થ્ય અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં મોટું દ્રષ્ટાંત પુરું પાડ્યું છે, જેની પ્રશંસા સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. આ યોજનાને છ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. ઇઝ ઓફ લિવિંગની દિશામાં ઉજ્જવલા યોજનાના છ વર્ષમાં કઈ રીતે ગરીબોનું જીવન બદલી નાખ્યું તે આ અંકની કવર સ્ટોરી છે. એટલું જ નહીં, જીવન સુરક્ષા માટે વીમા યોજનાએ પણ સામાન્ય લોકોને ઘણી રાહત આપી છે, જેની કહાની આ અંકમાં છે.

આઝાદીની લડાઇ હોય કે વિદેશી ઘુસણખોરોને જડબાતોડ જવાબ આપવાનો હોય, આ ગુણો દેશની માટીમાં મળેલા છે. મહારાણા પ્રતાપ, ગોપાલકૃષ્ણ ગોખલેની પ્રેરણા અને ગુમનામ નાયકોની કહાની પણ આ અંકમાં સમાવવામાં આવી છે. યુવા વિદ્યાર્થીઓ કઇ રીતે જીવનના પડકારોનો સામનો કરી શકે તે માટે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમમાં વડાપ્રધાનનો સંવાદ તમને ચોક્કસ પ્રેરણા આપશે.

ભારતને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ તમારા બધા માટે ચાલકબળ બની ચૂક્યો છે. વીતેલા એક વર્ષમાં આ ઝૂંબેશથી જે ફેરફાર આવ્યો છે તે દેશના 137 કરોડ લોકોની જનભાગીદારી વિના શક્ય નહોતો.


આવા જ સ્નેહ અને વિશ્વાસ સાથે તમારા પ્રતિભાવ આપતા રહેજો...


સરનામું : બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
બીજો માળ, સૂચના ભવન, નવી દિલ્હી- 110003

ઈમેલ : response-nis@pib.gov.in


(જયદીપ ભટનાગર)

# પ્રતિભાવ




ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ સરસ મેગેઝીન છે. અગાઉના અંકોની જેમ આ અંક પણ ઉત્તમ છે. મેગેઝીનમાં વિવિધ પ્રકારના લેખો હોય છે, જે ભારત અને તેના વિકાસ અંગેની ઢગલાબંધ માહિતી નિષ્પક્ષ રીતે આપે છે. આવું મૂલ્યવાન મેગેઝીન પ્રસિદ્ધ કરવા બદલ આપનો આભાર. માહિતીના આ યુગમાં માહિતી અને જ્ઞાન વહેંચવાની આ સારી પહેલ છે. આવું માહિતીપ્રદ મેગેઝીન પ્રસિધ્ધ કરવા બદલ ન્યૂ ઈન્ડિયા સમાચારના તમામ સભ્યો અને બ્યુરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન્સ (BOC)નો આભાર.

**પ્રો. સુબીર સિન્હા**
Subirsinha.2009@gmail.com

હું ફેબ્રુઆરી મહિનાથી એનઆઈએસ વાંચું છું. દરેક મહત્વની યોજના, ઘટના અને વડાપ્રધાનની મન કી બાત કાર્યક્રમ અંગેના અહેવાલો આપીને લાખો લોકોને અધિકૃત માહિતી આપવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર. હું એ જાણવા માગું છું કે આ મેગેઝીનની હાર્ડ કોપી ઉપલબ્ધ છે કે નહીં અને તે મને મળી શકે કે નહીં.

**ક્રિતિ શ્રીવાસ્તવ**
srivastavakriti001@gmail.com

મેગેઝીનમાં ભરપૂર માહિતી આપવામાં આવે છે, જે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અને દૈનિક જીવનમાં ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે તેમ છે. હું ન્યૂ ઈન્ડિયા સમાચારની ટીમનો ખૂબ આભારી છું. આ પ્રકારના અન્ય મેગેઝીન જે માહિતીના હેતુ માટે મદદરૂપ હોય તે અંગે મારે જાણવું છે

**રિન્કુ કુમાર**
rinkoo8858@gmail.com

સ્નેહી શ્રી સત્યેન્દ્ર પ્રકાશજી,

નમસ્કાર

ન્યૂ ઈન્ડિયા પાક્ષિક વાંચીને ખૂબ જ આનંદ થયો. ભાજપ સરકારની અવનવી વિકાસ યોજનાઓ અમલમાં આવવાથી વિશ્વમાં ભારતની સાચી છબી ઉભરી આવશે. બાળકો, વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ, શ્રમિક વર્ગ, વ્યાપારીઓ, ખેડૂતો, મહિલાઓ, તમામ વર્ગ માટેની યોજનાઓની માહિતી આ પાક્ષિકમાં આપવામાં આવે છે જે ખૂબ જ ઉપયોગી છે અને તેનાથી લોકોમાં જાગૃતિ આવી રહી છે. આ પાક્ષિક દ્વારા દેશના દરેક ખૂણાની માહિતી પ્રાપ્ત થાય છે. પાક્ષિકની ગુણવત્તા, સચિત્ર માહિતી વગેરે સુંદર અને આકર્ષક છે. પાક્ષિક વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતું હોઈ દેશના તમામ લોકો નજીક આવશે અને લોકોમાં ભાતૃભાવ અને દેશદાઝની ભાવના પ્રગટ થશે. જય હિંદ, જય ભારત, વંદે માતરમ.

**ડૉ. જશભાઈ પટેલ, ગાંધીનગર, ગુજરાત**
jashpatel1957@gmail.com

ખરેખર ખૂબ જ સરસ માહિતી આપતો અંક પ્રસિધ્ધ થાય છે. નિષ્પક્ષ સમાચાર રજૂ કરવાનું આ સારું પ્લેટફોર્મ છે. લોકોને ખૂબ જ ઉપયોગી માહિતી આપવામાં આવે છે, દેશના નાના લોકો સુધી તે પહોંચે છે. ખરેખર દરેક પાનાની માહિતી જાણવાની ઉત્સુકતા થાય છે.

**દિનેશ પઢારીયા(મેમણા) શંખેશ્વર**
dppadhariya9925@gmail.com

## ડિજિટલ કેલેન્ડર




**ભારત સરકારનાં ડિજિટલ કેલેન્ડર અને ડાયરીમાં સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પ્રકાશનોની લેટેસ્ટ માહિતીની સાથે સાથે સત્તાવાર રજાઓની યાદી અને મહત્વની તારીખો આપવામાં આવી છે.**

ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ પરથી ડાઉનલોડ કરી શકાશે

| ગુગલ પ્લે સ્ટોર લિંક | આઇઓએસ લિંક |
| --- | --- |
| https://play.google.com/store/apps/details?id=in.gov.calendar | https://apps.apple.com/in/app/goi-calendar/id1546365594 |

**https://goicalendar.gov.in/**



# પીએમ યોગ એવોર્ડ્સ 2021 માટે નોમિનેશન્સનો પ્રારંભ

"સત્યને પામ્યા પછી ક્યાં કોઇ ભ્રમ રહે છે? મન ચોખ્ખું હોય તો ક્યાં કોઈ રોગ થાય છે? શ્વાસ પર નિયંત્રણ હોય તો ક્યાં કોઈ મૃત્યુ હોય છે? તેથી, યોગ પ્રત્યે સમર્પિત થાવ." યોગનાં મહત્વ પર આ વિચારો છે આધુનિક યોગના જનક મનાતા તિરુમલાઇ કૃષ્ણમાચાર્યના, જેમના શિષ્યોમાં બીકેએસ આયંગર જેવા યોગ ગુરૂ પણ સામેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત થઇ અને આજે સમગ્ર વિશ્વ યોગની અને ભારતના યોગદાનની ભરપૂર પ્રશંસા કરે છે. યોગના પ્રસાર માટે ભારતે અનેક પ્રયાસ કર્યા છે. વડાપ્રધાન મોદીએ બીજા આંતરરાષ્ટ્રીય દિવસ પ્રસંગે યોગના ફેલાવા માટે સમર્પિત વ્યક્તિઓ અને સંસ્થાઓનું સન્માન કરવા માટે યોગ પુરસ્કારની જાહેરાત કરી હતી. દર વર્ષે યોગ દિવસે આ પુરસ્કાર આપવામાં આવે છે. તેમાં ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂ. 25 લાખની રોકડ રકમ આપવામાં આવે છે. 21 જૂને યોજાનારા યોગ દિવસે અર્પણ કરવામાં આવનારા આ પુરસ્કાર માટે નોમિનેશનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. યોગ ગુરુ કે પટ્ટાભિકેના કહેવા પ્રમાણે યોગ સાચું આત્મજ્ઞાન છે, એક આંતરિક સફાઈ છે. તમે યોગ પ્રત્યે સમર્પિત હોય તેવી વ્યક્તિને જાણતા હોવ તો તેમને પીએમ યોગ પુરસ્કાર 2021 માટે નામાંકિત કરી શકો છો.



## સ્ટેન્ડ અપ ઇન્ડિયાથી નાના ગામડાં અને નાના શહેરો આત્મનિર્ભર બની રહ્યા છે.

મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને તેઓ અન્ય લોકોને રોજગાર આપી શકે તે હેતુથી શરૂ કરવામાં આવેલી સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજનાએ વીતેલા પાંચ વર્ષમાં મોટી સફળતા મેળવી છે. 23 માર્ચ સુધીના આંકડા પ્રમાણે 1.14 લાખથી વધુ ખાતાઓ માટે રૂ. 25,000 કરોડથી વધુ ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે. નીચલા સ્તર સુધી ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે 5 એપ્રિલ 2016નાં રોજ આ યોજના શરૂ કરવામાં આવી હતી. આત્મનિર્ભર ભારતની આકાંક્ષાઓને સાકાર કરવાની દિશામાં પહેલને આગળ ધપાવતા તેને લંબાવીને હવે 2025 સુધી કરવામાં આવી છે. સરકાર બેરોજગારીની સમસ્યા દૂર કરવા સ્ટાર્ટઅપ ઇન્ડિયા જેવી વિશિષ્ટ સ્કીમનો પ્રચાર કરવા અંતરિયાળ ગામડાં અને નાના શહેરો તરફ નજર દોડાવી રહી છે.

## ડિજિટલ ચૂકવણીઃ ભારતે ચીન અને અમેરિકાને પાછળ છોડ્યું




ભારતે માત્ર મહામારી સામે જ નહીં, દરેક મુશ્કેલ સમયમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો છે. લોકડાઉન દરમિયાન લોકો ઘરોમાં બંધ હતા ત્યારે ભારતે ડિજિટલ ચૂકવણીમાં વૈશ્વિક વિક્રમ સર્જ્યો છે. 2020માં ટ્રાન્ઝેક્શનની વૈશ્વિક યાદીમાં ચીન અને અમેરિકાને પાછળ છોડીને ભારત પ્રથમ ક્રમે આવ્યું છે. વીતેલા વર્ષમાં ભારતમાં 25.5 અબજ રિયલ ટાઇમ ઓનલાઇન લેવડદેવડ થઈ હતી. એ પછી ચીનમાં 15.7 અબજ, દક્ષિણ કોરિયામાં 6 અબજ, થાઇલેન્ડમાં 5.2 અબજ અને બ્રિટનમાં 2.8 અબજની ઓનલાઇન લેવડદેવડ થઈ હતી. અમેરિકા 1.2 અબજના વ્યવહારો સાથે નવમાં સ્થાને રહ્યું હતું.

# ચાર કરોડ ઘરોમાં ઇન્ફોટેઇનમેન્ટ પ્રોગ્રામ્સ સાથે ડીડીની ફ્રી ડિશ




મધ્યમવર્ગ અને ગરીબો માટે ભેટ સમાન 'ડીડી (દૂરદર્શન) ફ્રી ડિશ' સેવા સતત નવા વિક્રમ સર્જી રહી છે. ફ્રી ડિશ પ્લેટફોર્મ પર સ્ટાર, સોની, કલર્સ, ન્યૂઝ, રમતગમત, શિક્ષણ સહિત લગભગ 161થી વધુ મફત ચેનલોની સુવિધા, સસ્તો ટીવી સેટ, આર્થિક સમાચારો, જૂના જમાનાની ફિલ્મો અને સંગીત પર આધારિત ડીડી રીટ્રો ચેનલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ફ્રી ડિશ પ્લેટફોર્મ પર મોટા પ્રસારકો આવવાથી 'ડીડી ફ્રી ડિશ'ના ગ્રાહકોની સંખ્યા ચાર કરોડના આંકને પાર કરી ગઈ છે, જે 2025 સુધી પાંચ કરોડને વટાવી દે તેવો અંદાજ છે. ડીડી ફ્રી ડિશ એ પ્રસાર ભારતીની મલ્ટી-ચેનલ ફ્રી-ટુ-એર ડાયરેક્ટ ટુ હોમ (DTH) સેવા છે. તેનો હેતુ લોકોને મફતમાં ગુણવત્તાયુક્ત મનોરંજન અને માહિતી પ્રદાન કરવા વૈકલ્પિક અને કિફાયતી મંચ પૂરો પાડવાનો છે.

## મસાલા ઉત્પાદકોની પહોંચ આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચશે

ભારતીય મસાલાની સોડમથી સમગ્ર વિશ્વ આકર્ષાયું છે. સમગ્ર વિશ્વમાં ભારત મસાલાની દુનિયામાં સૌથી મોટો ઉત્પાદક, વપરાશકાર અને નિકાસકાર છે. 2019-20માં મસાલાની નિકાસ ત્રણ અબજ ડોલરને વટાવી ગઈ હતી. મસાલાનું ઉત્પાદન કરતા ખેડૂતોની પહોંચ આંતરરાષ્ટ્રીય બજારો સુધી સરળ કરવા અને તેમની આવકમાં વધારો કરવા કેન્દ્ર સરકાર બ્લોકચેઇન સંચાલિત ટ્રેસેબિલિટી ઇન્ટરફેસ બનાવવા જઈ રહી છે. આ માટે ભારતીય મસાલા બોર્ડ અને સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) ઈન્ડિયાની એક્સિલરેટર લેબે એક સમજૂતિ કરી છે. બ્લોકચેઇન ડિજિટલ આધારિત લેવડદેવડનો રેકોર્ડ રાખનાર લીક પ્રુફ સિસ્ટમ છે. બ્લોકચેઇન ઇન્ટરફેસની ડિઝાઇન મે મહિના સુધી પૂરી થવાની સંભાવના છે. ગંતુર (આંધ્રપ્રદેશ)માં મરચાંની ખેતી સાથે સંકળાયેલા 3,000થી વધુ ખેડૂતો સાથે પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.

## અમૃત મહોત્સવની પૂર્ણાહુતિ વખતે તમામને પાકાં ઘરનું સપનું સાકાર



દેશની આઝાદીના અમૃત મહોત્સવનો સમાપન સમારોહ ચાલતો હશે ત્યારે ગામડાંમાં તમામ લોકોને પાકા ઘરનું સ્વપ્ન પણ સાકાર થઈ રહ્યું હશે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ માટે સામાજિક-આર્થિક વસતિ ગણતરીના અહેવાલને આધારે કાયમી પ્રતીક્ષા યાદી (PWL) તૈયાર કરવામાં આવી હતી. 2011ના SECC ડેટાબેઝના ઉપયોગ દ્વારા નક્કી કરવામાં આવેલી વર્તમાન PWL સામે કુલ 2.14 કરોડ લાભાર્થીઓ પાત્રતા ધરાવતા હતા. ■

## પ્રતિ દિન 37 કિમીના હાઇવે બાંધકામનો વિક્રમ

ભારતે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ધોરીમાર્ગો (હાઇવેઝ)ના બાંધકામમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. છેલ્લાં સાત વર્ષમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ 91,287 કિલોમીટરથી વધીને 1,37,625 કિલોમીટર થઈ છે, જે એપ્રિલ 2014ની સરખામણીમાં 50 ટકા વધુ છે. સડક માર્ગમાં 2.2 ટકા હિસ્સો ધોરીમાર્ગનો છે, જ્યારે તેનાં પર 40 ટકા વાહનોની અવરજવર થાય છે. દેશભરમાં હાઈવેઝનું મજબૂત નેટવર્ક વિકસાવવા સરકારે બજેટમાં ફાળવણી વધારી છે. 2014-15માં રૂ. 33,414 કરોડની ફાળવણીની સામે 2021-22માં રૂ. 1,83,101 કરોડ ફાળવવામાં આવ્યા હતા, જે 5.5 ગણો વધારો છે. પ્રગતિની ઝડપને તુલનાત્મક રીતે જોઇએ તો 2010-14 દરમિયાન માત્ર 5865 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી અને 4918 પ્રોજેક્ટ પૂરા થયા હતા. આની સામે, 2015-21 દરમિયાન 10,855 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી.



# ગોખલેઃ મહાત્માના મહાત્મા



**ગોપાલ કૃષ્ણ ગોખલેનું 19 ફેબ્રુઆરી, 1915નાં રોજ અવસાન થયું ત્યારે ગાંધીજીએ કહ્યું હતું, "એક રાજકીય કાર્યકરમાં હું જે શોધું છું તે તમામ ગુણો ગોખલેમાં હતા. તેઓ સ્ફટીકની જેમ અત્યંત પારદર્શક હતા, ઘેટાંની જેમ દયાળુ હતા, સિંહની જેમ સાહસિક હતા અને રાજકારણની સ્થિતિમાં એક આદર્શ પુરુષ હતા". બે તદ્દન વિરોધાભાસી હસ્તીઓના રાજકીય ગુરૂ તરીકે સ્વીકાર્યતા ધરાવનાર તેઓ ભારતના એક માત્ર નેતા હતા. તેમની પાસેથી મહાત્મા ગાંધી અહિંસાના પાઠ ભણ્યા, તો મહમ્મદ અલી ઝીણા કાયદાની આંટીઘુંટી શીખ્યા.**

9 મે, 1866નાં રોજ મહારાષ્ટ્રના રત્નાગિરીમાં એક બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. ગોખલે સાધારણ પરિવારમાં જન્મ્યા હોવા છતાં તેમને સારું શિક્ષણ આપવામાં આવ્યું હતું. આધુનિક બ્રિટિશ શિક્ષણ પ્રણાલિ હેઠળ કોલેજમાંથી સ્નાતક થયેલા પ્રથમ પેઢીના ભારતીયોમાં ગોખલે પણ હતા. 1884માં તેઓ મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી પાસ થયા અને પછીથી પુનાની કોલેજમાં પ્રોફેસર થયા. આ દરમિયાન, તેમને મહાદેવ ગોવિંદ રાનડે અને દાદાભાઇ નવરોજીનું સાનિધ્ય મળ્યું. તેઓ તેમની પાસેથી કાયદાના દાવપેચ શીખ્યા. કોંગ્રેસના સભ્ય બનવાની સાથે તેઓ ફિરોઝશાહ મહેતા સાથે જોડાયા. મહેતા બોમ્બે લેજીસ્લેટિવ કાઉન્સિલના સભ્ય હતા. ગોખલે પણ તેના સભ્ય બન્યા. એ વખતે બ્રિટિશ નાણાં સચિવ એડવર્ડ લોએ રૂ. સાત કરોડની બચત કરી હોવાનો દાવો કરતું બજેટ રજૂ કર્યું, જેની ચોમેર પ્રશંસા થઈ. એ વખતે દેશના અનેક વિસ્તારોમાં દુકાળ પડ્યો. ગોખલેએ સરકારના શંકાસ્પદ ઇરાદાઓને ખુલ્લા પાડવા પોતાની ધારદાર દલીલોથી એ સાબિત કરી આપ્યું કે બ્રિટિશ સરકારે કઈ રીતે વધુ ટેક્સ નાખ્યા છે, સંરક્ષણ પર આડેધડ ખર્ચ કર્યો છે અને શિક્ષણ પર ફાળવણી ઘટાડી છે. ગોખલેના આ ભાષણે તેમને રાતોરાત પ્રસિદ્ધિ અપાવી અને કોંગ્રેસમાં તેમનું કદ પણ વધી ગયું. તેમને 39 વર્ષની વયે કોંગ્રેસના પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા. એ વખતે કોંગ્રેસમાં બે જૂથ હતા. બાળ ગંગાધર તિલકની આગેવાનીમાં જહાલ જૂથ અને ગોખલેની આગેવાનીમાં મવાળ જૂથ. તેમના કોલેજ સહયોગી તિલક હંમેશા રાજકીય વિરોધી રહ્યા.

> "ગોપાલ કૃષ્ણ ગોખલેનું તેમનાં જન્મદિને સ્મરણ કરું છું. તેઓ એક અસાધારણ પ્રતિભા હતા, જેઓ ભરપૂર શાણપણ ધરાવતા હતા. તેમણે શિક્ષણ અને સામાજિક સશક્તિકરણ માટે અસાધારણ પ્રદાન કર્યું હતું. તેમણે ભારતની આઝાદીની ચળવળમાં દ્રષ્ટાંતરૂપ નેતાગીરી પૂરી પાડી હતી.
>
> **નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**"

ગોખલે જીવનભર જ્ઞાતિવાદ અને અસ્પૃશ્યતા સામે લડ્યા. તેમણે ભારતીયોને શિક્ષીત કરવા 'સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી'ની શરૂઆત કરી. તેઓ હંમેશા બંધારણીય સુધારાની વાત કરતા હતા. તેમના પ્રયાસોને પગલે મોર્લે-મિન્ટો સુધારાઓ થયા, જેને પગલે ભારતીયોને ગવર્નર જનરલની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં સ્થાન મળ્યું. એમ પણ કહેવાય છે કે સ્વદેશીનો ખ્યાલ રજૂ કરનાર તેઓ જ હતા, જેને પછીથી ગાંધીજીએ ચળવળનું સ્વરૂપ આપ્યું. 19 ફેબ્રુઆરી, 1915નાં રોજ 48 વર્ષની વયે તેમનું અવસાન થયું ત્યારે મહાત્મા ગાંધીએ તેમને અંજલિ આપતા કહેલું, "સર ફિરોઝશાહ (મહેતા) મને હિમાલય જેવા અને લોકમાન્ય (બાલ ગંગાધર તિલક) સમુદ્ર જેવા લાગ્યા, પણ ગોખલે તો ગંગા જેવા હતા. હિમાલય સર ન કરી શકાય, સમુદ્રમાં ડૂબકી ના મારી શકાય પણ પવિત્ર ગંગામાં કોઇ પણ વ્યક્તિ સ્નાન કરી શકે." ■



# આત્મનિર્ભર ભારત ઝૂંબેશથી ભારતીય અર્થતંત્રને કોવિડ 19ના પરિણામો સામે રક્ષણ

**કોરોના મહામારી વચ્ચે લોકડાઉન અને અન્ય નિયંત્રણોને કારણે દેશમાં અર્થતંત્ર અને રોજગારી પર ફટકો પડ્યો હતો ત્યારે સરકારે દેશને આત્મનિર્ભર બનાવવા માટે 'વોકલ ફોર લોકલ'ની લાંબા ગાળાની નીતિ અપનાવી.**

ભારતીય પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે 12 મે, 2020નાં રોજ જાહેર કરવામાં આવેલ 'વોકલ ફોર લોકલ'ને ટૂંકા સમયગાળામાં સારી એવી લોકપ્રિયતા મળી છે. હવે તે સામૂહિક ચળવળ બની ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિચક્ષણ સમજણને કારણે વિકાસના ફળ મળી રહ્યા છે અને ભારત રોકાણ માટે મહત્વનાં કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. 'વોકલ ફોર લોકલ'ની હાકલે ભારતની અપેક્ષાઓને પાંખો મળી છે અને 'મેક ઇન ઇન્ડિયા' અને 'મેડ ફોર વર્લ્ડ' વાસ્તવિકતા બન્યા છે.

સદીઓમાં એક વાર એવો સમયગાળો આવે છે જેમાં ધનિક-ગરીબ, યુવા-વૃધ્ધ અને મહિલા-પુરુષો વચ્ચેનું અંતર નાબૂદ થઈ જાય છે અને દરેક વ્યક્તિને રાષ્ટ્રનિર્માણમાં જોડાવાની પ્રેરણા મળે છે.

રાષ્ટ્રીય નીતિ ગેમ ચેન્જર સાબિત થઈ રહી છે, જેનાથી ભારત આત્મનિર્ભર બન્યું એટલુ જ નહીં પણ સ્થાનિક ગ્રાહકોને વિદેશી ચીજોનું ઘેલું છે એવી ગેરમાન્યતા પણ દૂર થઈ. ભારતીય ચીજોની ખરીદી કરવી એ હવે લોક ચળવળ બની ગઈ છે.

રાષ્ટ્રનો મૂડ વિશાખાપટ્ટનમના વેંકટ મુરલીપ્રસાદના પત્ર પરથી પારખી શકાય છે જેમણે કેટલાંક મહિના પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્રમાં લખ્યું હતું કે, 'હું 2021ના વર્ષ માટેની મારી ABC રજૂ કરું છું.' પહેલાં તો વડાપ્રધાન પોતે પણ આ સંદેશો સમજી શક્યા નહીં. પણ જ્યારે તેમણે પત્ર સાથેનું બિડાણ જોયું તો સમજાયું કે પ્રસાદ ABC એટલે આત્મનિર્ભર ભારત ચાર્ટની વાત કરતા હતા. પ્રસાદે બિડાણમાં દૈનિક જીવનમાં તેઓ જે જે વસ્તુનો ઉપયોગ કરે છે તેની સંપૂર્ણ યાદી વર્ણવી હતી. તેમણે યાદીમાં તમામ ઈલેક્ટ્રોનિક્સ, સ્ટેશનરી. અને દૈનિક વપરાશની ચીજો સામેલ કરી હતી. તેમણે પોતાનો નિર્ધાર વડાપ્રધાન સાથે વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ માત્ર એ જ ચીજોનો વપરાશ કરશે જેનાં ઉત્પાદનમાં દેશવાસીઓનો પરસેવો હોય. તેમણે વધુમાં જણાવ્યું કે, 'જાણે અજાણ્યે આપણે વિદેશી બનાવટની ચીજોનો ઉપયોગ કરીએ છીએ, જેના વિકલ્પો દેશમાં જ સરળતાથી ઉપલબ્ધ છે.'

વડાપ્રધાને મુરલીપ્રસાદના વિચારને ટેકો આપતા લખ્યું, 'આપણે આ ભાવનાને જાળવી રાખવાની છે અને તેને આગળ લઈ જવાની છે. હું દેશવાસીઓને દૈનિક વપરાશની ચીજવસ્તુઓની યાદી બનાવવા અને આપણા



# આત્મનિર્ભર ભારત પેકેજ શું છે?

કોરોનાએ સામાન્ય જીવન પર અસર કરી છે એટલું જ નહીં, દેશની આર્થિક વૃધ્ધિને પણ ફટકો પાડ્યો છે. ઘટતા જતા આર્થિક ટ્રેન્ડને રોકવા અને અર્થતંત્રને વેગ આપવા આત્મનિર્ભર ભારત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. નાણાં મંત્રી નિર્મલા સીતારામને 13 મેથી 17 મે દરમિયાન, પાચં તબક્કામાં રૂ. 20.97 લાખ કરોડના આત્મનિર્ભર પેકેજ 1.0 ની જાહેરાત કરી હતી. એ પછી 12 ઓક્ટોબર, 2020નાં રોજ આત્મનિર્ભર પેકેજ 2.0 અંતર્ગત રૂ. 73,000 કરોડનું વધારાનું પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું.

## આત્મનિર્ભર ભારત 1.0

- **વન નેશન, વન રેશન કાર્ડ:** ભારતભરમાં કોઇ પણ સ્થળેથી રેશન ખરીદી શકાય. 1 સપ્ટેમ્બર 2020નાં રોજ આ સ્કીમ લોંચ કરવામાં આવી હતી.
- **પીએમ સ્વનિધિ યોજના:** 23.97 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને રૂ. 21.21 લાખ કરોડની લોન આપવામાં આવી હતી
- **કિસાન ક્રેડિટ કાર્ડ યોજના:** આ સ્કીમ હેઠળ આશરે 1.57 કરોડ ખેડૂતોને રૂ. 1.43 લાખ કરોડથી વધુની લોન આપવામાં આવી છે.
- **પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના:** મત્સ્યપાલન ક્ષેત્રમાં માળખાકીય અવરોધો નાબૂદ કરવાના હેતુથી 10 સપ્ટેમ્બરનાં રોજ તેની જાહેરાત કરવામાં આવી હતી. 9 ડિસેમ્બર, 2020ની સ્થિતિએ રૂ. 2,182 કરોડના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા હતા.
- **NBFC/HFC માટે સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ:** આ સ્કીમ અંતર્ગત અત્યાર સુધી રૂ. 7227 કરોડ વહેંચવામાં આવ્યા છે.
- **ડિસ્કોમ્સ માટે લિક્વિડિટી આપી:** આ સ્કીમ હેઠળ અત્યાર સુધી રૂ. 1,18,273 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી 31,136 કરોડની લોન વિતરીત કરવામાં આવી

## આત્મનિર્ભર ભારત અભિયાન (કેમ્પેન) 2.0

**ફેસ્ટીવલ એડવાન્સ:** આ સ્કીમ હેઠળ લાભાર્થીઓને એસબીઆઇ ઉત્સવ કાર્ડ આપવામાં આવ્યા છે

**એલટીસી કેશ વાઉચર સ્કીમ:**

- અર્થતંત્રમાં પ્રાણ ફુંકવાના હેતુથી આ સ્કીમ લોંચ કરવામાં આવી હતી.
- માર્ગ વાહનવ્યવહાર અને ધોરીમાર્ગ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયને વધારાના મૂડી ખર્ચ માટે રૂ. 25,000 કરોડ આપવામાં આવ્યા છે

## આત્મનિર્ભર ભારત અભિયાન (કેમ્પેન) 3.0

- આત્મનિર્ભર ભારત રોજગાર યોજના દ્વારા સંગઠિત ક્ષેત્રમાં રોજગાર સર્જનને વેગ અપાશે
- હેલ્થકેર અને અન્ય 26 સેક્ટર્સની સ્થિતિ સુધારવાના હેતુથી ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરન્ટી સ્કીમ જાહેર કરવામાં આવી હતી
- પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટિવ સ્કીમની જાહેરાતથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળશે. 13 સેક્ટર્સમાં પીએલઆઇ સ્કીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં 10 નવા સેક્ટર્સનો સમાવેશ થાય છે
- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રોજગાર સર્જનને વેગ મળે તે માટે રિયલ એસ્ટેટ પ્રોજેક્ટને પૂરા કરવા વધારાના રૂ. 18,000 કરોડનાં રોકાણની જોગવાઈ કરવામાં આવી છે
- કન્સ્ટ્રક્શન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં કામ કરી રહેલી કંપનીઓને 31 ડિસેમ્બર, 2021 સુધી 10 ટકાને બદલે ત્રણ ટકાની બેન્ક ગેરન્ટી મંજૂરી કરવામાં આવી છે
- ઘરના ગ્રાહકો માટે અને પોતાનાં ઘરનું જાતે બાંધકામ કરી રહેલાઓ માટે ઇન્કમ ટેક્સમાં રિબેટની જોગવાઇ
- દેશના 14 કરોડ પરિવારોના લાભ માટે ખાતરની સબસિડી પર રૂ. 65,000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વધારાના રૂ. 10,000 કરોડની જોગવાઇ કરી
- લોન પૂરી પાડીને નિકાસને પ્રોત્સાહન આપવા એક્ઝિમ બેન્કને રૂ. 3,000 કરોડ આપવામાં આવશે

જીવનમાં ઘુસી ગયેલી વિદેશી બનાવટની ચીજો પર વિચાર કરવા વિનંતી કરું છું. આપણે આ વિદેશી બનાવટની ચીજોના વિકલ્પ શોધવા જ રહ્યા અને ભારતીય ચીજોનો ઉપયોગ કરીએ, જે બનાવવામાં ભારતના લોકોની મહેનત અને પરસેવો સામેલ હોય. એક પ્રતિજ્ઞા દેશ માટે પણ જરૂર લઇએ.''

મહત્વપૂર્ણ વાત એ છે કે, વડાપ્રધાને દેશને કોરોનાના કુપ્રભાવમાંથી બચાવવા માટે બીડું ઝડપ્યું એટલું જ નહીં, અર્થતંત્રને ડૂબતું બચાવવા માટે પ્રયાસ કર્યો અને અર્થતંત્રની ઝડપી વૃધ્ધિ માટે રોડ મેપ પણ તૈયાર કર્યો.



# સુધારાની અસર | અર્થતંત્રમાં ઝડપી રિકવરી....

- સરકારે રૂ. 29.87 લાખ કરોડના પેકેજની જાહેરાત કરી છે. જે જીડીપીના આશરે 15 ટકા થાય છે. આર્થિક વૃધ્ધિના એન્જિનને ઇંધણ પુરું પાડવા બીજા ઘણા દેશોએ આર્થિક પેકેજ જાહેર કર્યા છે. જાપાન, અમેરિકા, સ્વીડન, જર્મની, સ્પેન અને ચીને તેમની જીડીપીના અનુક્રમે 21.1 ટકા, 13 ટકા, 12 ટકા, 10.7 ટકા, 7.3 ટકા અને 3.8 ટકાનાં આર્થિક પેકેજ જાહેર કર્યા છે.
- કોરોનાને કારણે લોકડાઉન દરમિયાન નિયંત્રણો લદાતા જીડીપીમાં 23.9 ટકા સંકોચન નોંધાયું હતું અને આર્થિક નિષ્ણાતો નરમાઈની આગાહી કરતા હતા. પણ સરકારની દૂરંદેશીતાને કારણે જીડીપી વૃધ્ધિ દરે V આકારની રિકવરી નોંધાવી અને ત્રીજા ક્વાર્ટરના અંતે 0.4 ટકાનો પોઝિટિવ જીડીપી વૃધ્ધિ દર નોંધાવ્યો.
- એપ્રિલ 2020થી જાન્યારી 2021ના 10 મહિનાના સમયગાળામાં ભારતમાં 72.12 અબજ ડોલરના મૂલ્યનું સીધું વિદેશી રોકાણ આવ્યું. કોઇ પણ નાણાકીય વર્ષના પ્રથમ 10 મહિનામાં અત્યાર સુધી આવેલું આ સૌથી વધુ એફડીઆઇ છે.

## અત્યાર સુધી જાહેર કરવામાં આવેલા પ્રોત્સાહનોની વિગતો


| | |
|---|---|
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના | રૂ. 1,92,800 કરોડ |
| આત્મનિર્ભર ભારત કેમ્પેન 1.0 | રૂ. 11,02,650 કરોડ |
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના | રૂ. 82,911 કરોડ |
| આત્મનિર્ભર ભારત કેમ્પેન 2.0 | રૂ. 73,000 કરોડ |
| અર્જુન નિર્મલ ભારત અભિયાન 3.0 | રૂ. 2,65,080 કરોડ |
| રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા વિવિધ જાહેરાતો | રૂ. 12,71,200 કરોડ |
| કુલ | રૂ. 29,87,641 કરોડ |

- માર્ચ 2020માં લોકડાઉન લાગ્યું તે પહેલાં કુલ નિકાસ 21.49 અબજ ડોલર હતી, જે માર્ચ 2021માં 48.23 ટકા વધીને 34 અબજ ડોલરના સ્તરે પહોંચી હતી. આ સમયગાળામાં ભારતની ટોચની પાંચ કોમોડિટીઝની આયાતમાં 13થી 90 ટકાનો ઘટાડો થયો હતો.
- માર્ચ 2021 માં રૂ. 1.23 લાખ કરોડનાં જીએસટીની વિક્રમ વસુલાત થઈ હતી. ઓક્ટોબર 2020 પછી સતત છઠ્ઠી વાર એવું બન્યું હતું કે જીએસટી વસૂલાત રૂ. એક લાખ કરોડને પાર કરી ગઈ હોય.

12 મેનાં રોજ ત્રીજા લોકડાઉન બાદ રાષ્ટ્રને કરેલા સંબોધનમાં વડાપ્રધાને કોવિડ પછીની દુનિયાની સ્થિતિ પર ભાર મૂક્યો હતો. તેમણે ભાવિ એક્શન પ્લાન ઘડી કાઢ્યો અને ભારતને આત્મનિર્ભર બનાવવા માટે અર્થતંત્ર, માળખાકીય સુવિધાઓ અને માગ પર વિશેષ ભાર મૂક્યો. ભારતીય બનાવટની ચીજોને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત બનાવવા વડાપ્રધાને 'વોકલ ફોર લોકલ'ની હાકલ કરી. આને પરિણામે, વિદેશી રોકાણકારો હવે ભારતીય બજાર પ્રત્યે આકર્ષાયા છે અને નિકાસમાં પણ વધારો થયો છે.

સ્થાનિક ચીજોની માગ ઘણી વધી રહી છે. તેનાથી સ્થાનિક કંપનીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ગુણવત્તાસભર ફિનિશ્ડ પ્રોડક્ટ્સ બનાવવાનું પ્રોત્સાહન મળ્યું છે.

25 માર્ચ, 2020નાં રોજ પ્રથમ લોકડાઉન જાહેર થયું હતું અને બીજા જ દિવસે સરકારે દેશના ગ્રામવાસીઓ અને ગરીબોની વ્હારે આવવા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રૂ. 1.75 લાખ કરોડનાં રાહત પેકેજની જાહેરાત કરી હતી. આ ઉપરાંત, 12મેનાં રોજ રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત પૂર્વે લોકડાઉન દરમિયાન ઘણી વિચારણા કરવામાં આવી હતી. પેકેજની જાહેરાત પહેલાં, વડાપ્રધાને ઉદ્યોગજગતને વિશ્વાસમાં લીધું અને ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ, હેલ્થવર્કર્સ અને એનજીઓ સાથે વાતચીત કરી. તેમણે કૃષિ, ઊર્જા, શિક્ષણ, આઇટી સહિતના સેક્ટર્સ સાથે સંકળાયેલા લોકો સાથે વર્ચ્યુઅલ મંત્રણા કરી. તેમણે વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે પાંચ વાર ઉચ્ચસ્તરીય મંત્રણા કરી અને તેમનાં અભિપ્રાય લીધા. ચોક્કસપણે, આત્મનિર્ભર ભારત માટે વડાપ્રધાનનો દૂરંદેશી અભિગમ ભારતને વર્તમાનમાંથી ભવિષ્યમાં લઈ જવામાં મદદ કરી રહ્યો છે. ■




# કોરોના સામેનું શસ્ત્ર
# ટિકા ઉત્સવ

## 18 વર્ષથી ઉપરના તમામને રસી મળશે

**કોરોના મહામારીની બીજી લહેરમાં જાનહાનિ ગંભીર સ્તરે પહોંચી ગઈ છે. તેથી, દેશે ટિકા ઉત્સવ મનાવીને કોરોના સંક્રમણની ચેઈન તોડવાનો નિર્ણય લીધો હતો. અને હવે 18થી 44ની વયજૂથના તમામ નાગરિકોને કોરોનાની રસી માટેની મંજૂરી આપવામાં આવી છે, જેનું રજીસ્ટ્રેશન 28 એપ્રિલથી શરૂ કરવામાં આવ્યું છે.**

કોરોના મહામારીની બીજી લહેરમાં મૃત્યુદરનું પ્રમાણ વધી રહ્યું છે. નવા દર્દીઓ, સક્રિય કેસો અને ઈન્ફેક્શન રેટ.. દરેક આંકડા રોજ નવા નવા વિક્રમ બનાવી રહ્યા છે. તેથી, સરકારે ટિકા ઉત્સવ મનાવીને અને 'ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ'ના મંત્રનું પાલન કરીને કોરોના સંક્રમણની ચેઈન તોડવાનો નિર્ણય લીધો છે.

ફરી એક વાર સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસનું સંક્રમણ વધવાનું શરૂ થયું છે. બીજી લહેરમાં કેટલાંક રાજ્યોમાં કેસોની સંખ્યા ભયજનક સપાટીને વટાવી રહી છે. ફેબ્રુઆરી મહિનામાં આ મહામારી વિદાય લઈ રહી હોવાનું લાગતું હતું, પણ હવે તે ફરી એક વાર ભયાનક રૂપ લઈ રહી છે. સરકારે લોકોને યોગ્ય સારવારમાં મદદ કરવાની સાથે સાથે રસીકરણની ઝૂંબેશને પણ વેગવંતી બનાવી છે.

ભારતે 16 જાન્યુઆરી, 2021નાં રોજ રસીકરણ ઝૂંબેશ શરૂ કરી હતી, જેમાં હેલ્થવેર વર્કર્સને પ્રાથમિકતા આપવામાં આવી હતી. 2 ફેબ્રુઆરી પછી ફ્રન્ટલાઈન વર્કર્સને રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું. 1 માર્ચ પછી 60થી વધુની વયના અને કો-મોર્બિડિટી (અન્ય રોગ) ધરાવતા 45થી 59ની વયના લોકોને રસી આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો. દરમિયાન, કોરોનાની બીજી લહેરે સમગ્ર દેશને તેની ઝપેટલમાં લેતા સરકારે કો-મોર્બિડિટી વગરના 45થી વધુની ઉંમરના લોકોને પણ રસીકરણમાં સમાવી લીધા. હવે, 45થી વધુની વયના લોકોને તેમના કામકાજના સ્થળે પણ રસી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**એક દિવસમાં સંક્રમણનો નવો વિક્રમ:** 19 એપ્રિલનાં રોજ જારી કરવામાં આવેલા ડેટા પ્રમાણે, છેલ્લાં 24 કલાકમાં ભારતમાં 2.75 લાખ કેસો નોંધાયા હતા. એક દિવસમાં સંક્રમણનો આ સોથી મોટો આંક છે. એક દિવસમાં જોવા મળેલા આ કેસમાંથી 80 ટકા કેસો 10 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશોના છે, જેમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પંજાબ, દિલ્હી, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ અને કેરળનો સમાવેશ થાય છે.

## ઇમરજન્સી ઉપયોગ માટે સ્પુતનિક V ને મંજૂરીઃ

સરકારે રશિયાની સ્પુતનિક V ને ઇમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી છે અને અન્ય રસીઓને મંજૂરીની પણ વિચારણા છે. કોવેક્સિન અને કોવિશીલ્ડ બાદ સ્પુતનિક V ને પણ મંજૂરી આપવામાં આવી છે. કોવિશીલ્ડને ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રેઝેનેકા દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી હતી. પૂણેની સિરમ ઇન્સ્ટિટ્યૂટ તેને વિકસાવી રહી છે. ભારત બાયોટેકે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્સ (ICMR) અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીના જોડાણમાં કોવેક્સિન રસી વિકસાવી છે. સ્પુતનિક V ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ દ્વારા ઉત્પાદિત કરવામાં આવશે. આ રસીની અસરકારકતા 91.6 ટકા હોવાનું કહેવાય છે.

## રસીકરણ સાથે સાવધાની



**19 29 329**
કુલ સક્રિય દર્દીઓ

| **1,29,53,821** | **1,78,769** | **86.00%** |
|---|---|---|
| સાજા થયેલા દર્દીઓ | કુલ મૃત્યુ | રિકવરી રેટ |

મૃત્યુદર (1.19 ટકા) 18 એપ્રિલ સુધી

### 85 દિવસમાં 10 કરોડને રસીનો વિક્રમ

ભારતે 10 એપ્રિલનાં રોજ કોરોના રસીકરણ ઝૂંબેશમાં મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું હતું. 16 જાન્યુઆરીથી રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં 85 દિવસમાં 10 કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. વિશ્વની આ સૌથી ઝડપી રસીકરણ ઝૂંબેશ છે. અમેરિકાએ 85 દિવસમાં 9.2 કરોડ અને ચીને 6.14 કરોડ ડોઝ આપ્યા હતા. 5 એપ્રિલે 24 કલાકમાં વિક્રમ 43 લાખ ડોઝ આપવામાં આવ્યા હતા.

### રેમડેસિવિરની નિકાસ પર પ્રતિબંધ

સરકારે રેમડેસિવિર ઇન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે કોરોનાના દર્દીમાં ઓક્સિજનનું સ્તર નીચે જાય ત્યારે રેમડેસિવિરનું ઇન્જેક્શન આપવામાં આવે છે. દેશમાં કોવિડ-19 કેસોની વધતી જતી સંખ્યાને કારણે ઇન્જેક્શનની વધતી જતી માગને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો છે. ભારતમાં કેટલીક કંપનીઓ આ ઇન્જેક્શનનું ઉત્પાદન કરે છે. તેઓ પ્રતિ દિન 38.80 લાખ ઇન્જેક્શન્સનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. વધુમાં, સરકારે સ્થિતિ ન સુધરે ત્યાં સુધી એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રિડિયન્ટ્સ (API) ની નિકાસ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. દરેક સ્થાનિક ઉત્પાદકે તેની વેબસાઇટ પર તેના સ્ટોકિસ્ટ્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સની માહિતી પૂરી પાડવાની રહેશે. ■

# ટેસ્ટીંગ, ટ્રેકિંગ એન્ડ ટ્રિટિંગ

દેશમાં કોરોના વાયરસ કેસોની મહત્તમ સંખ્યા મહારાષ્ટ્રમાં જોવા મળી રહી છે. રાજ્યમાં કેટલાંક સ્થળોએ આંશિક લોકડાઉન લાદવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8 એપ્રિલનાં રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં 'ટેસ્ટીંગ, ટ્રેકિંગ અને ટ્રિટિંગ' પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે, 'ગયા વર્ષે શી પરિસ્થિતિ હતી તેની કલ્પના કરો. આપણી પાસે ટેસ્ટીંગ લેબ્સ નહોતી. માસ્ક પણ પૂરતા પ્રમાણમાં નહોતા અને પીપીઇ કિટ પણ નહોતી. એ સમયે આ બધાંમાંથી બચવાનો એક માત્ર ઉપાય લોકડાઉન હતો, જેથી એ સમયગાળામાં શક્ય એટલી સગવડો વધારી શકીએ અને આ વ્યૂહ લાભકર્તા નીવડ્યો. આપણે વ્યવસ્થા કરી શક્યા અને પોતાની ક્ષમતા વધારી શક્યા. પણ આજે જ્યારે આપણી પાસે તમામ સંસાધનો છે ત્યારે આપણા સંચાલનની કસોટી છે અને આપણું ફોકસ માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોન પર રહેવું જોઇએ.'

## વડાપ્રધાને કેટલાંક મુદ્દા પર ભાર મૂક્યો

- કોવિડ-19 મેનેજમેન્ટનો સૌથી મોટો હિસ્સો છે રસીનો બગાડ અટકાવવો
- આપણે લોકોને વારંવાર કહેવાની જરૂર છે કે રસી લીધા પછી પણ માસ્ક પહેરવા સહિતના અન્ય પ્રોટોકોલનું પાલન કરવું જરૂરી છે
- 11 એપ્રિલનાં રોજ જ્યોતિબા ફૂલેની જન્મજયંતીથી માંડીને બાબા સાહેબની જન્મજયંતિ 14 એપ્રિલ સુધી 'ટિકા ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું
- ચાર બાબતો પર ફોકસ કરવાની જરૂર છે. પ્રથમ- 'ઇચ વન વેક્સિનેટ વન'. મતલબ દરેક વ્યક્તિ જેઓ અશિક્ષીત છે, વડીલ છે, નિઃસહાય છે તેમને રસી લેવડાવે. તેમને મદદ કરે
- બીજું-'ઇચ વન ટ્રીટ વન'. જેનો અર્થ એ થયો કે જેમની પાસે સંસાધનો નથી, જેમની પાસે પૂરતી માહિતી નથી તેમને કોરોનાની સારવાર લેવામાં મદદ કરે
- ત્રીજું- 'ઇચ વન સેવ વન'. જેનો અર્થ એ થયો કે હું પોતે માસ્ક પહેરીને બીજાને પણ બચાવીશ
- ચોથું- જો કોઇને કોરોનાનો ચેપ લાગ્યો હોય તો સોસાયટીના લોકોએ જ્યાં જ્યાં કોરોના પોઝિટિવ કેસ હોય ત્યાં ત્યાં માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોન બનાવવા જોઇએ



# ભીમાએ બ્રિટિશ શાસનને પડકાર્યું, તો ઝાંસીને ઝલકારી પર ગર્વ

**10 મે 1857નાં રોજ ભારતમાં નવા યુગનો પ્રારંભ થયો હતો. અંગ્રેજોએ ભલે તેને સૈનિક બળવાનું નામ આપ્યું હોય, આપણા માટે તો આજે પણ તે દેશનાં સ્વાભિમાન અને સન્માન માટે કરેલી ક્રાંતિ છે. આ સત્યની ક્ષણ હતી, જેમાં નવા ધ્વજ હેઠળ લશ્કરી બળવો થયો, જે સમય જતાં રાષ્ટ્રીય ચેતનામાં પરિવર્તિત થયો.**

ભારતની આઝાદીના સંઘર્ષમાં એવી અનેક ઘટનાઓ બની, જેના પરથી આપણે પ્રેરણા લઈએ છીએ. આજે પણ દેશ સંખ્યાબંધ સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે. આપણે જ્યારે ગુલામીના એ યુગની કલ્પના કરીએ છીએ, જેમાં કરોડો લોકોએ સદીઓ સુધી આઝાદીની એક સવારની રાહ જોઈ, ત્યારે એ અહેસાસ વધુ મજબૂત થાય છે કે આઝાદીના 75મા વર્ષનો પ્રસંગ કેટલો ઐતહાસિક અને ગૌરવશાળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, ઇતિહાસ સાક્ષી છે કે કોઈ પણ રાષ્ટ્રનું ગૌરવ ત્યારે જ જાગૃત રહી શકે જ્યારે તે પોતાના સ્વાભિમાન અને બલિદાનની પરંપરાઓ આગામી પેઢીને પણ શીખવાડે. આ સંદર્ભમાં જોઈએ તો આઝાદી કા અમૃત મહોત્સવમાં શાશ્વત ભારતની પરંપરા, સ્વતંત્રતા સંગ્રામનો પડછાયો અને આઝાદ ભારતને ગૌરવાન્વિત કરનારી પ્રગતિ પણ શામેલ છે. આ જ રીતે, આઝાદીના સંઘર્ષમાં વિવિધ લડાઈ, વિવિધ ઘટનાઓની પણ પ્રેરણા, સંદેશ છે, જેને આત્મસાત કરીને આજનું ભારત આગળ વધી શકે છે.

> “ કોઈ પણ સંકલ્પ સમારોહ વિના સફળ નથી હોતો. જ્યારે કોઈ સંકલ્પ સમારોહનું સ્વરૂપ લે છે ત્યારે તેમાં લાખો લોકોની પ્રતિજ્ઞા અને ઊર્જા જોડાઈ જાય છે. આઝાદીના 75 વર્ષનો સમારોહ 130 કરોડ ભારતીયોની ભાગીદારીમાં કરવામાં આવશે. આ સમારોહના મૂળમાં લોકોની ભાગીદારી છે. આ ભાગીદારીમાં 130 કરોડ દેશવાસીઓની લાગણી, સૂચનો અને સ્વપ્ન સામેલ છે.
>
> **- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન** ”



# ઝલકારીબાઇ

## ઝાંસીની વધુ એક લક્ષ્મીબાઇ

શું ઝાંસીની રાણી લક્ષ્મીબાઇને કોઇ ઓળખની જરૂર છે? દેશ અને દુનિયામાં પોતાની વીરતાનો ઝંડો લહેરાવનારી ઝાંસીવાલી રાની એટલે કે લક્ષ્મીબાઇનો કોણ નથી જાણતું. લક્ષ્મીબાઇએ પોતાનાં શૌર્યથી અંગ્રેજોને હંફાવીને અંગ્રેજ સત્તાના પાયાને હચમચાવી દીધો હતો. વીરતાના મામલામાં લક્ષ્મીબાઇને સાક્ષાત દુર્ગાનો અવતાર માનવામાં આવે છે, તો તેમની સફળતા અને ખ્યાતિનો શ્રેય ઝલકારી બાઇને પણ જાય છે. ઝલકારી બાઇ રાણી લક્ષ્મીબાઇનાં લશ્કરમાં દુર્ગા દલનાં કમાન્ડર હતાં. કહેવાય છે કે, ઝલકારી બાઇનો જન્મ ગરીબ અને દલિત પરિવારમાં થયો હતો, જે લક્ષ્મીબાઇની પારિવારિક પૃષ્ઠભૂમિ સાથે સામ્યતા ધરાવે છે. એવું કહેવાય છે કે તેમનો ચહેરો લક્ષ્મીબાઇને મળતો આવતો હોવાથી ઘણી વાર તેઓ બ્રિટિશરોને મુર્ખ બનાવવા પોતે રાણી હોવાનો ઢોંગ કરીને યુધ્ધના મેદાનમાં જતા રહેતા હતા. જ્યારે લક્ષ્મીબાઇ પોતાના કિલ્લામાં ફસાઇ ગયા હતા ત્યારે ઝલકારી બાઇએ જ તેમને બચાવવાની યુક્તિ અજમાવી હતી. બ્રિટિશ લશ્કરે કિલ્લાની ઘેરાબંદી કરી ત્યારે ઝલકારી બાઇએ જ રાની લક્ષ્મીબાઇને ભાગી છુટવા અને લશ્કરને એકત્ર કરવા સૂચવ્યું હતું. આ દરમિયાન ઝલકારી બાઇએ રાણીની યુધ્ધ સામગ્રી પહેરી લીધી અને લશ્કર સામે લડાઈ કરી અને છેવટે તેઓ પકડાઈ ગયા. જ્યારે બ્રિટિશ સૈનિકોને જાણ થઈ કે આ તો ઝલકારી બાઇ છે, લક્ષ્મીબાઇ નથી, તો તેમણે ઝલકારીને ફાંસીએ લટકાવી દીધા. સરકારે 22 જુલાઇ, 2001નાં રોજ તેમનાં માનમાં ટપાલ ટિકિટ પ્રસિધ્ધ કરી હતી. ઝલકારી બાઇની ગાથા હજુ પણ બુંદેલખંડ અને બસ્તરના લોકોના મનમાં જીવંત છે.



# ભીમાઃ

## નિમાડનો રોબિનહૂડ

મધ્યપ્રદેશનું ખરગોન તેની સુંદરતા અને ભવ્યતા માટે જાણીતું છે. આ વિસ્તારને નિમાડ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે આદિવાસી લડવૈયા ભીમા નાયકના શૌર્ય અની વીરતા માટે પણ જાણીતું છે. ભીમા નાયક 1857માં ભારતની આઝાદીની પ્રથમ લડાઇ અહીંથી જ લડ્યા અને બ્રિટિશ શાસનના પાયાને હચમચાવી દીધો. તેમણે પ્રદેશના આદિવાસીઓને સંગઠિત કર્યા અને બ્રિટિશરોના અત્યાચાર સામે ચળવળ ચલાવી. આ ચળવળ મધ્યપ્રદેશમાં બડવાનીથી મહારાષ્ટ્રમાં ખાંદેશ સુધી ફેલાઇ. ભીમા નાયકના લશ્કરમાં 10,000 લડવૈયાઓ હતા, જેઓ ધનુષ અને બાણથી અંગ્રેજો સામે લડતા હતા. એમ કહેવાય છે કે બ્રિટિશરો ભીમાની ધરપકડ ન કરી શક્યા એટલે પ્રયુક્તિઓ અજમાવવા લાગ્યા. કોઇએ બ્રિટિશરોને માહિતી આપી દેતાં અંતે ભીમાની ધરપકડ થઈ અને તેમને ફાંસી આપવામાં આવી. ખરગોનના લોકો ગૌરવપૂર્વક ભીમા નાયકની કહાની વર્ણવે છે. તેઓ બ્રિટિશરોની તિજોરી લૂંટીને ગરીબોમાં વહેંચી દેતા હોવાથી તેમને 'રોબિનહુડ ઓફ નિમાડ' કહેવામાં આવતા હતા. ■




# વિદ્યાર્થીઓ સાથે વડાપ્રધાનનો સંવાદ 'પરીક્ષા પે ચર્ચા'

કોઇને પણ આશ્ચર્ય થાય કે એક સમયમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેનારા વિશ્વના શક્તિશાળી નેતાઓમાં ગણાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બાળકો સાથે પોતાના જીવનના જ્ઞાનને વહેંચવાનો સમય મળી જાય છે. પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ જ નહીં, તેમના માતા-પિતા અને શિક્ષકોને પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક દોસ્ત, માર્ગદર્શક અને સંરક્ષકના નાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'પરીક્ષા પે ચર્ચા'ની ચોથી આવૃત્તિમાં આત્મવિશ્વાસ વધારતા મંત્રો આપ્યા, જેથી વિદ્યાર્થીઓ કોઇ પણ પ્રકારની તાણ વગર હસતા હસતા પરીક્ષા આપે...

આ વર્ષે પરીક્ષા પે ચર્ચાની ચોથી આવૃત્તિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મિત્ર અને માર્ગદર્શક બનીને વિદ્યાર્થીઓ, તેમના માબાપ અને શિક્ષકો સાથે આદાનપ્રદાન કર્યું હતું, જેથી વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસથી પરીક્ષા આપી શકે.

શું ખૂબ ઊંચા સ્કોર સાથે પરીક્ષા પાસ કરવી એ જ સફળતાનો એક માત્ર માપદંડ છે? દર પરીક્ષામાં વિદ્યાર્થીઓને આ પ્રશ્ન મૂંઝવતો હોય છે. વર્તમાન સ્થિતિમાં પરીક્ષાનું પરિણામ એક માત્ર માપદંડ બચ્યો છે જેનાથી વિદ્યાર્થીની સફળતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. પણ હવે, આ ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે અને વાસ્તવિકતા તરફ જઈ રહ્યો છે. પરીક્ષા એ તાણ લેવાનું માધ્યમ નથી, પણ વિવિધ મુશ્કેલીઓને પાર કરીને નવા પડકારો માટે પોતાની જાતને તૈયાર કરવાની તક છે.

સતત ચોથા વર્ષે પરીક્ષા પે ચર્ચા માટે વિદ્યાર્થીઓને સંબોધતાં વડાપ્રધાને જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીઓએ આ પરીક્ષાને તેમનો અંતિમ પડાવ ન ગણવો જોઇએ પણ જીવનના અનેક પડાવોમાંનો એક પડાવ છે. આપણે જીવનના પડકારોનો સામનો કરવા સંપૂર્ણ રીતે તૈયાર રહેવું જોઇએ. કોરોનાની ઝળુંબતી કટોકટી વચ્ચે પ્રથમ વાર આ કાર્યક્રમ વર્ચ્યુઅલી આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લાખો વિદ્યાર્થીઓ, તેમના માબાપ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. એક સાચા મિત્રની ભૂમિકા ભજવતા વડાપ્રધાને જણાવ્યું હતુ કે, 'આપણી વિચારધારા અને આપણો નિર્ધાર સમાન છે.'

તેમણે વધુમાં ઉમેર્યું કે, 'સારાં પુસ્તકો, ફિલ્મો, કહાનીઓ, કવિતાઓ, રૂઢિપ્રયોગ, સારા અનુભવો એ બધું તાલીમના માધ્યમો છે. આ પરીક્ષા પે ચર્ચા છે, પણ અહીં આપણે પરીક્ષા સિવાયનું બીજું ઘણું બધું શીખીશું.'

> જ્યારે કોઇ વિષયને તમે આત્મસાત કરી લો છો તો એ વિચારપ્રવાહનો હિસ્સો બની જાય છે, જે સ્મૃતિપટલમાંથી ક્યારેય વિલુપ્ત નથી થતો.
>
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

### પરીક્ષા મુલતવી રહી, પણ પરીક્ષા પે ચર્ચામાંથી મહત્વનો બોધપાઠ શીખો

કોરોનાના વધતા જતા કેસોની સંખ્યા વચ્ચે સીબીએસઇની ઉચ્ચસ્તરીય સમિતીની બેઠકનું અધ્યક્ષપદ સંભાળતા વડાપ્રધાને કાળજી લેનારા વાલી તરીકેની ભૂમિકા નિભાવી હતી, જેમાં તેમણે વિદ્યાર્થીઓના આરોગ્ય અંગેના અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠકમાં પરીક્ષાને મુલતવી રાખવાનાં સૂચન થયા હતા પણ વડાપ્રધાને એવા દરેક સૂચનને ફગાવી દીધું જેનાથી વિદ્યાર્થીઓના જીવન પર જોખમ આવે. વર્તમાન સ્થિતિમાં પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે પણ તેનાં એકાદ સપ્તાહ પહેલાં વડાપ્રધાને 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં પરીક્ષા વખતે તાણમુક્ત રહેવાનો મંત્ર આપ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને તેમના સ્વપ્ન સાકાર કરવામાં મદદરૂપ થાય તેવી જીવનશૈલી અપનાવવા શીખ આપી હતી.

# વડાપ્રધાનનું ભાષણ ઊડતી નજરેઃ વિદ્યાર્થીઓને મંત્ર આપ્યો



## તાણમુક્ત રહેવા અને ડર્યા વગર પરીક્ષાનો સામનો કરવાનો મંત્ર

**પરીક્ષાથી ક્યારેય ન ડરોઃ** પરીક્ષાઓ કઇ પહેલી વાર નથી યોજાઇ રહી અથવા તો અચાનક નથી આવી પડી. દર વર્ષે માર્ચ-એપ્રિલમાં પરીક્ષા યોજાય છે. ઉપર ઉપરથી એમ લાગે કે પરીક્ષાનો ભય છે પણ વાસ્તવમાં, અંદરથી જે ડર હોય છે, તે પરીક્ષાના પરિણામ અંગેનો હોય છે.

**તાણને પરીક્ષા ખંડની બહાર મૂકી દોઃ** વિદ્યાર્થીઓને પોતાની જાત પર એટલી ખાતરી હોવી જોઇએ કે તેણે પૂરતી તૈયારી કરી છે અને પરીક્ષા ખંડની બહાર ટેન્શન મૂકીને જવું જોઇએ. પરીક્ષા ખંડમાં ગયા પછી સાચા જવાબ આપવા પર જ ફોકસ રહેવું જોઇએ.

**દરેક વિષયને સરખો સમય ફાળવોઃ** વિદ્યાર્થીઓએ તમામ વિષયો પર સમાન પ્રમાણમાં સમય અને ઊર્જા ફાળવવી જોઇએ. તમારી પાસે અભ્યાસ કરવા બે કલાકનો સમય હોય તો તમામ વિષયોમાં સમાન રીતે વહેંચી નાખો.

**નિર્ધાર સ્પષ્ટ હોવો જોઇએઃ** સ્વપ્ન સાકાર કરવાનો નિર્ધાર ખૂબ મહત્વનો છે. તમે કયું સ્વપ્ન એવું છે જેને જીવનમાં નિર્ધાર તરીકે પસંદ કરવા માગો છો? એક વાર આ નક્કી કરી લો પછી આગામી માર્ગ સરળ બની જશે.

**તાણમુક્ત રહોઃ** ભણવાના પુસ્તકો જ જીવનની સફળતા-નિષ્ફળતાનો એકમાત્ર માપદંડ નથી. તમે જીવનમાં શું કરો છો તેના આધારે ઘડતર થશે. તો, સમાજ અને માબાપના દબાણમાંથી બહાર આવો.

**ક્રાંતિકારીઓ પાસેથી પ્રેરણા મેળવોઃ** તમારા રાજ્યમાં દેશની આઝાદીના સંઘર્ષ સાથે સંકળાયેલી 75 ઘટનાઓ શોધી કાઢો. આ ઘટનાઓ કોઇ પણ ક્રાંતિકારી વ્યક્તિ સંલગ્ન હોઈ શકે છે. આ ઘટનાઓને તમારી માતૃભાષામાં લખો.

**સમગ્ર વર્ષ માટેનો પ્લાન બનાવોઃ** સમગ્ર વર્ષ માટેનો પ્રોજેક્ટ તૈયાર કરો, જે તમારે ડિજિટલ માધ્યમ દ્વારા શીખવાનો રહેશે. આ માટે તમારા શિક્ષકો, માબાપ અને દાદા-દાદીની સલાહ અને સૂચનો લો.

**ખાલી સમય એક ખજાનો છેઃ** ખાલી સમયને ક્યારેય નિરર્થક ન ગણો. આ એક તક છે, કારણ કે જો ખાલી સમય ન મળે તો જીવન યંત્રવત બની જાય.

**તમારી જાતને આત્મ-તાલીમ માટે તૈયાર રાખોઃ** નોકરીની કુશળતા માટે તૈયાર થવા મેટ્રીક્યુલેશન અને ઇન્ટરમિડિયેટ્સ વિદ્યાર્થીઓને અનુસરો અને તમારી જાતને તાલીમબધ્ધ કરવા માટે તમારી આજુબાજુમાં જીવનશૈલીમાં થઈ રહેલા ફેરફારો નિહાળો.

**તમારા વિચારોમાં વિષયને સ્થાન મેળવવા દોઃ** તમને કોઇ વિષય પ્રેરિત કરે તો તે વિચાર પ્રક્રિયાનો ભાગ બની જાય છે, જે ક્યારેય સ્મૃતિમાંથી અદ્રશ્ય નહીં થાય.

**આત્મનિર્ભરતાને જીવનનો મંત્ર બનાવોઃ**
આજે, મારે તમને ખૂબ મહત્વની પરીક્ષા માટે તૈયાર કરવાના છે. આ પરીક્ષામાં દરેકે સારા માર્ક્સ સાથે પાસ થવાનું છે. આ પરીક્ષા ભારતને આત્મનિર્ભર બનાવવા માટેની છે, જેનાં માટે આપણે વોકલ ફોર લોકલ અપનાવવાનું છે.



## શિક્ષકો ટાઇમ મેનજમેન્ટ અને વ્યવહારૂ જ્ઞાન શીખવે

**ટાઇમ મેનેજમેન્ટની યુક્તિઓ શીખવોઃ** વિદ્યાર્થીઓને ટાઇમ મેનેજમેન્ટ સ્કિલ્સ અને તેની મેથડની તાલીમ આપો. અભ્યાસક્રમની બહાર જઈને ડોકીયું કરો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો.

**વિદ્યાર્થીઓને ઉપદેશ ન આપો, પ્રગતિશીલ અભિગમ વહેંચોઃ** બાળક તમારી તમામ સલાહ ના પણ માને. બાળકો તેમનાં માબાપના કાર્યોથી પ્રેરિત થાય છે અને તેનું અનુસરણ કરે છે. તેથી તેમને ઉપદેશ આપવાની જરૂર નથી પણ તેમની સાથે સારું વર્તન કરીને તેમનામાં સારી આદતોનાં બીજ નાખવા જોઇએ.

# માબાપ અને વાલીઓ રોલ મોડલ બનશે



**તમારા બાળકો પર દબાણ ન લાવો:** જીવન ઘણું લાંબું છે, જેમાં પરીક્ષા નાનકડો પડાવ માત્ર છે. આપણે બાળકો પર બિનજરૂરી દબાણ ન લાવવું જોઇએ. એક વાર આ દબાણ હટી જાય પછી વિદ્યાર્થીઓ પર પરીક્ષાની તાણ નહીં રહે. બાળકોને ઘરે તાણ-મુક્ત વાતાવરણ આપવાનો પ્રયત્ન કર્યો, જેનાથી તેમનામાં આત્મવિશ્વાસ આવશે.

**બાળકો માટે મા-બાપ રોલ મોડલ છે:** બાળકો ખૂબ સ્માર્ટ હોય છે. તેઓ તેમને જે કહેવામાં આવે તે કદાચ નહીં કરતા હોય પણ તેઓ પોતાના માબાપનું નજીકથી નીરિક્ષણ કરે છે અને તેઓ જે પણ કંઇ કરે તેનું અનુકરણ કરવાનો પ્રયાસ કરે છે.


**તમારા બાળકોના ગમા-અણગમાને સમજો:** તમારા બાળકોના સંપર્કમાં રહો અને તેમની પસંદ-નાપસંદને સમજો. તેનાથી તમને જનરેશન ગેપ પૂરવામાં મદદ મળશે.

**તમારું બાળક ખુદ પ્રકાશિત થશે:** એક દિવો બીજા દિવાને પ્રગટાવે છે. તમે તમારા બાળકમાં જે પ્રકાશ જોવા માગો છો તે અંદરથી આવવો જોઇએ, જે તમારા પ્રયાસોથી જ શક્ય છે.

**તમારા બાળકને નીડર બનાવો:** બાળકોને ક્યારેય પરીક્ષાના પરિણામ આધારિત ન બનવા દો. આ ખોટી રીત છે, જેને પગલે બાળકોમાં નેગેટિવ મોટીવેશન આવવાની સંભાવના છે.

**બાળકોને પરંપરાગત ખોરાક લેવા પ્રોત્સાહિત કરો:** આપણે પરંપરાગત વાનગીઓ માટે ગર્વ લેવું જોઇએ. બાળકો સાથે આવી વાનગીઓની ગુણવત્તા અને લાભ અંગે ચર્ચા કરો.

**બાળકોની નજીક રહો:** તમે તમારા નવા જીવનની ગતિ ચાલુ રાખવા માગતા હો અને ઉંમરની અસર ઘટાડીને યુવાન રહેવા માગતા હોવ તો બાળકો સાથેનું અંતર ઘટાડો અને તેમની નજીક રહો. તેનાથી ખૂબ લાભ થશે. ■




# વડાપ્રધાને આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને માબાપના પ્રશ્નોના જવાબ આપ્યા

Q&A

**આંધ્રપ્રદેશના વિદ્યાર્થી પલ્લવી અને કુઆલા લુમ્પુરના વિદ્યાર્થી અર્પણ પાંડેએ વડાપ્રધાનને પૂછ્યું. પરીક્ષાનો ભય કઈ રીતે ઘટાડવો ?**

આ માત્ર પરીક્ષાનો ડર નથી, પણ બહારના વાતાવરણનો ભય છે. એટલા માટે તમને લાગે છે કે આ જ બધું છે, આ જ જિંદગી છે. આ વાતાવરણને કારણે તમે જરૂર કરતા વધુ સજગ થઈ જાવ છો. જીવન ઘણું લાંબુ હોય છે અને પરીક્ષાઓ જીવનનો એક તબક્કો છે. માબાપ, શિક્ષકો અને સગા સંબંધીઓએ વિદ્યાર્થીઓ પર દબાણ ન લાવવું જોઇએ. પરીક્ષાને માત્ર ચકાસણીના અવસર તરીકે લેવી જોઇએ, તેને જીવન-મરણનો વિષય ન બનાવવો જોઇએ. જે માબાપ પોતાના બાળકોને ભણાવે છે તેમને પોતાના બાળકોની ખામીઓ અને સારાપણાનો ખ્યાલ હોવો જોઇએ.

**આજે, માબાપ માટે સંતાનોને ઉછેરવા અઘરું બની ગયું છે. તેનું કારણ છે બદલાતી જીવનશૈલી. આ સંજોગોમાં કઇ રીતે સુનિશ્ચિત કરીએ કે આપણા બાળકોનું વર્તન, આદત અને ચરિત્ર સારા રહે?**

પ્રવીણકુમાર એક જાગૃત પિતા હોવાના નાતે આ પ્રશ્ન પૂછી રહ્યા છે, પણ મારા માટે તેનો જવાબ આપવો ખૂબ અઘરો છે. હું એટલું કહીશ કે પહેલાં તો તમે આ બાબત પર ચિંતન કરો. એવું નથી કે તમે જે જીવનશૈલી પસંદ કરી છે અથવા કરવા માગો છો એવી જ જિંદગી તમારા બાળકો જીવે. તેમનામાં થોડો પણ ફેરફાર દેખાય તો તમને લાગે છે કે તેનું પતન થઈ રહ્યું છે. મને યાદ છે એક વાર હું સ્ટાર્ટઅપ સાથે જોડાયેલા નવયુવકો સાથે વાતચીત કરી રહ્યો હતો ત્યારે બંગાળની એક યુવતી જેણે પોતાનું સ્ટાર્ટઅપ ચાલુ કર્યું હતું તેણે મને કહ્યું કે મેં નોકરી છોડીને સ્ટાર્ટઅપ શરૂ કર્યું છે. મારી માતાને ખબર પડી તો તરત કહ્યું, સર્વનાશ. એટલે કે માતાને એટલો આઘાત લાગ્યો, પણ પછી એ યુવતીનું સ્ટાર્ટઅપ ખૂબ સફળ રહ્યું. તમારે વિચારવું જોઇએ કે તમે તમારી લાગણીમાં આવીને બાળકોને જકડી રાખવાનો પ્રયાસ તો નથી કરી રહ્યા ને? અને તેથી, તમારો પરિવાર, તમારી પરંપરાઓ પાયાના મૂલ્યોને કઈ રીતે મજબૂત કરે તેની ઓળખ કરવી જોઇએ.

# ભારત મેન્યુફેક્ચરિંગ હબ બનશેઃ યુવાનો માટે એક કરોડ રોજગારીનું સર્જન થશે

ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માટે ફુડ પ્રોસેસિંગ, ફાર્માસ્યુટિકલ્સ અને આઈટી હાર્ડવેર સહિતના ક્ષેત્રોમાં 13 પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ (PLI)) સ્કીમ્સ શરૂ કરી રહી છે. આ યોજનાઓથી આગામી પાંચ વર્ષમાં 500 અબજ ડોલરના મૂલ્યનું વધારાનું ઉત્પાદન થઈ શકશે અને એક કરોડથી વધુ યુવાનો માટે રોજગારીનું સર્જન થશે. કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં સ્થાનિક ફાર્મા ઉદ્યોગ માટે 2020-21થી 2028-29 માટે પીએલઆઈ સ્કીમ મંજૂર કરી હતી, જે અંતર્ગત રૂ. 15,000 કરોડનાં પ્રોત્સાહન આપવામાં આવશે.

આ સ્કીમ સરકારના ફ્લેગશીપ કાર્યક્રમ આત્મનિર્ભર ભારતના ભાગરૂપે તૈયાર કરવામાં આવી છે. પીએલઆઈ સ્કીમથી આગામી પાંચ વર્ષમાં 520 અબજ ડોલરનું ઉત્પાદન થવાનો લક્ષ્ય છે, જેનાં માટે બજેટમાં રૂ. બે લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીમંડળે અત્યાર સુધી નવ સેક્ટર્સમાં પીએલઆઈને મંજૂરી આપી છે, જે ઉદ્યોગપતિઓ અને રોકાણકારોને આકર્ષી રહી છે. બાકીના ચાર સેક્ટર્સને કેબિનેટની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

## પીએલઆઇ સ્કીમની પાર્શ્વભૂમિ અને લાભ


- છેલ્લાં સાત વર્ષોમાં ઉત્પાદન ક્ષમતા વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં ઉત્પાદકોને વધુ સક્રિય ભૂમિકા ભજવીને યુવાનો માટે રોજગાર સર્જન કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે. આત્મનિર્ભર ભારત ઝૂંબેશ હેઠળ કરવામાં આવેલી અનોખી પહેલમાં કેન્દ્ર સરકાર ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અનેક સુધારા કરી રહી છે.
- આ સ્કીમનો હેતુ ભારતને વિશ્વનાં શ્રેષ્ઠ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક બનાવવાનો છે, જે ભારતને ઉત્પાદન ક્ષેત્રમાં વૈશ્વિક અગ્રણી બનાવવાની સાથે સાથે વધુ સ્પર્ધાત્મક બનાવી શકે.

આ સ્કીમથી ઉદ્યોગ ક્ષેત્રમાં તંદુરસ્ત વાતાવરણ સર્જાશે, જે ઉત્પાદન ક્ષેત્રની પ્રગતિને વેગ આપશે અને જીડીપીમાં તેનો હિસ્સો વધીને 25 ટકા થવાનો અંદાજ છે. આ સ્કીમને પગલે ભારત ઉત્પાદન ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે અને 'મેક ઇન ઇન્ડિયા' અને 'મેક ફોર ધ વર્લ્ડ'ના બેવડા મંત્ર પર ફોકસ કરીને નિકાસને પ્રોત્સાહન આપશે. પીએલઆઇમાં ભારતને ઉત્પાદન ક્ષેત્રમાં સ્પર્ધાત્મક, રોકાણ માટે સાનુકુળ બનાવીને વૈશ્વિક આર્થિક અગ્રણી બનાવવાની અને ભારતને વૈશ્વિક સપ્લાય ચેઇનનો મહત્વનો હિસ્સો બનાવવાની ક્ષમતા છે. ■

### કેન્દ્રીય મંત્રીમંડળે નીચેના નવ સેક્ટર્સમાં પીએલઆઇને મંજૂરી આપી દીધી છે



**ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગ**
રૂ.10,900 કરોડની જોગવાઇ | આશરે 2.5 લાખ રોજગારીનું સર્જન




**ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ**
રૂ.15000 કરોડની જોગવાઇ | આશરે એક લાખ રોજગારીનું સર્જન




**આઇટી હાર્ડવેર પ્રોડક્ટ્સ**
રૂ. 7350 કરોડની જોગવાઇ | આશરે 1.8 લાખ રોજગારીનું સર્જન



**સોલર પીવી મોડ્યુલ**
રૂ. 4500 કરોડની જોગવાઇ | આશરે 1.5 લાખ રોજગારીનું સર્જન



**ટેલિકોમ ઉત્પાદન**
રૂ. 12,195 કરોડની જોગવાઇ | આશરે 40,000 રોજગારીનું સર્જન



**એસી અને એલઇડી અથવા વ્હાઇટ ગુડ્ઝ**
રૂ. 6238 કરોડની જોગવાઇ | આશરે ચાર લાખ રોજગારીનું સર્જન

### ગયા વર્ષે PLIની જાહેરાત થઈ હતી

- રૂ. 6940 કરોડ ફાર્માસ્યુટિકલ એપીઆઇ
- રૂ. 40,951 કરોડ ઇલેક્ટ્રોનિક ઉત્પાદન
- રૂ. 3420 કરોડ મેડિકલ ઇક્વિપમેન્ટ્સ

# ઉજ્જવળ આશા

# તમામને સ્વચ્છ ઉર્જા સુલભ બનાવવાનો પ્રયાસ



ઉજ્જવલા યોજનાનો હેતુ તમામને સ્વચ્છ ઊર્જા પૂરી પાડવાનો છે અને આ પ્રક્રિયામાં તેણે ધનિક વર્ગો અને શહેરોની મોનોપોલી તોડી નાખી છે, જેઓ બેપરવા બનીને એલપીજી કનેક્શન્સ સહિતના કિંમતી સંસાધનોનો ઉપયોગ કરતા હતા. આ યોજનાથી સામાન્ય માણસનું જીવન સરળ બન્યું છે, તેમનાં આરોગ્યમાં સુધારો થયો છે અને સાથે સાથે પર્યાવરણનું પણ રક્ષણ થયું છે. ક્રાંતિકારી પુરવાર થયેલી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના શરૂ થયાના છ વર્ષમાં લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) પ્રસાર 99.6 ટકા ઘરોમાં થયો છે. ખાસ કરીને આઠ કરોડ ઘરોમાં એલપીજી જોડાણ પુરાં પાડવાને લીધે. કાર્યક્રમની સફળતા એ હકીકત પરથી જણાઇ આવે છે કે ઘાના અને બાંગલાદેશ જેવા દેશો ભારતની ગ્રોથ સ્ટોરીનું અનુકરણ કરી રહ્યા છે.



“મને બાળપણની કહાની યાદ આવે છે. તમારા માતા કે બહેન શાળાએ ગયા હશે તેમણે આ કહાની વાંચી હશે. મુન્શી પ્રેમચંદ આપણા દેશના વિદ્વાન લેખક હતા. 1933માં તેમણે ખૂબ પ્રસિધ્ધ કહાની -ઈદગાહ- લખી હતી. આ કહાનીનું મુખ્ય પાત્ર હામીદ નામનો નાનો છોકરો હતો. તે મીઠાઇ ન ખાઇને તેમાંથી બચેલા પૈસામાંથી પોતાની દાદી માટે ચીમટો ખરીદી લાવ્યો જેથી રસોઇ કરતી વખતે દાદીના હાથ ન બળે. મુન્શી પ્રેમંચદની કહાની આજે પણ મને પ્રેરણા આપે છે. મને થાય છે કે એક હામીદ આવું કરી શકતો હોય તો શા માટે દેશના વડાપ્રધાન ન કરી શકે ?-

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉજ્જવલા લાભાર્થીઓ સાથેની વાતચીતમાં”

અગાઉના જમાનામાં જ્યારે ગેસના ચુલા નહોતા ત્યારે અડધો દિવસ રસોડામાં રસોઇ માટે લાકડાં બાળવામાં જતો રહેતો હતો. ચોમાસામાં માટીનો ચુલો ઘણી વાર પાણીથી ભરાઇ જતો હતો. લાકડામાં પણ પાણી ભરાઇ જતું હતું અને તે સળગતા નહોતા. ચોમાસામાં બાળકોને ભોજન મળતું નહોતું અને તેઓ ભૂખ્યા રહેતા હતા. ઓડિશાના મયુરભંજની સુષ્મિતા ખુશખુશાલ ચહેરે કહે છે, “હું મારા બાળકો અને પરિવારજનો સાથે સમય પસાર કરી શકતી નહોતી, પણ જ્યારથી ગેસ જોડાણ મળ્યું છે ત્યારથી વરસાદની ઋતુમાં મને કોઇ સમસ્યા નડતી નથી અને હું મારા બાળકો અને પરિવાર માટે સમય ફાળવી શકું છું.” આવી અનેક સુખદ કહાનીઓ છે.

જમ્મુ કાશ્મીરના અનંતનાગની અંજુમન આરા કહે છે, ‘ગેસ જોડાણ મળવાથી અમારો સમય બચે છે. પહેલાં લાકડાનો ચુલો સળગાવતા હોવાથી જોખમ હતું કારણ કે બાળકો ચુલાની નજીક જતા રહેતા હતા. વળી, વાસણો સાફ કરવામાં ઘણો સમય લાગતો હતો કારણ કે ધુમાડાને કારણે તે કાળા પડી જતા હતા. અને જો બાળક બિમાર પડી જાય તો આખો દિવસ હોસ્પિટલમાં જતો રહેતો હતો અને પરિણામે અમે દિવસમાં એક વાર પણ રસોઈ બનાવી શકતા નહોતા. પણ ઉજ્જવલાએ અમારું જીવન સરળ બનાવી દીધું, ખાસ કરીને રમઝાનના મહિનામાં. સવારમાં રસોઇ બનાવવામાં અને જમવામાં માંડ 15-30 મિનિટ જ લાગે છે. અગાઉ, અમે રમઝાનમાં રોઝા રાખતા ત્યારે રસોઇ બનાવવા સવારે એક વાગે ઉઠી જતા હતા. સાંજે પણ સમસ્યા નડતી હતી કારણ કે અમારે લાકડા વીણવા બહાર જવુ પડતું હતું. ધુમાડાને કારણે બાળકોને બહુ વેઠવું પડતું હતું અને તેઓ શાંતિથી ઊંઘી શકતા નહોતા. હવે અમારો સમય બચતો હોવાથી હું સીવણકામ શીખી ગઈ છું અને કમાણી કરું છું, જેમાંથી ગેસ સિલિન્ડર

# સમયમર્યાદા પહેલાં સીમાચિહ્ન હાંસલ

## 8 કરોડમું જોડાણ




અગાઉ મારા માટે રસોઇ કરવી ખુબ અઘરી પડતી હતી. પણ સિલિન્ડર અને સ્ટવ મેળવ્યા બાદ મારી ઘણી ઊર્જા બચે છે.

આયેશા શેખ, ઔરંગાબાદ, મહારાષ્ટ્ર
(7 સપ્ટેમ્બર, 2019)

## પાંચ કરોડમું જોડાણ



હવે, મારા આંખમાં ધુમાડો નહીં જાય. સિલિન્ડર માટે આભાર મોદી જી

તકદીરન, દિલ્હી
(3 ઓગસ્ટ, 2018)

## પ્રથમ જોડાણ



અગાઉ રસોઈ કરતી વખતે મારી આંખોમાં ધુમાડો જતો રહેતો હતો. વળી, મારે રસોઇ માટે લાકડાં પણ લાવવા પડતા હતા. ઉજ્જવલાએ મારું અને મારા પરિવારનું જીવન બદલી નાખ્યું

ગુડ્ડી દેવી, બલિયા, ઉત્તરપ્રદેશ
(1 મે 2016)

प्रधानमंत्री उज्ज्वला योजना
स्वच्छ ईंधन.. बेहतर जीवन

**1 મે 2016નાં રોજ બલિયાથી આ સ્કીમ લોંચ કરવામાં આવી હતી**

સ્કીમનું કુલ સામાજિક રોકાણ
**રૂ. 12,800 કરોડ**
($1.8 અબજ)

નિર્ધારિત સમય પહેલાં 7 સપ્ટેમ્બર, 2019નાં રોજ **8 કરોડ** ફ્રી કનેક્શન્સનો લક્ષ્ય હાંસલ

PAHAL સ્કીમ સાથે 27.12 કરોડ સબસ્ક્રાઇબર્સ લિન્ક અને અત્યાર સુધી **રૂ. 1.37 લાખ કરોડની** સબસિડી સીધી બેન્કમાં ટ્રાન્સફર કરવામાં આવી છે DBTL દ્વારા એકાઉન્ટ્સ

- 'ગિવ ઇટ અપ' ઝૂંબેશમાં 1.08 કરોડ લોકો જોડાયા
- રિફિલિંગ માટેનો ઉત્સાહ, 80 ટકાથી વધુ લાભાર્થીઓએ પ્રથમ ઉપયોગ પછી બીજી વાર રિફીલ કરાવ્યું

**38 %**

**8 કરોડ લાભાર્થી પરિવારોમાંથી 3.05 કરોડ (38 ટકા) SC/ST સમુદાયમાંથી છે**

પણ ખરીદી શકું છું.'

છત્તીસગઢના રાયપુરની મીના નિર્મલકારે જ્યારથી ગેસનો ચૂલો લીધો છે ત્યારથી તેનો ઘરખર્ચ ઘટી ગયો છે અને પડોશમાં વાતાવરણ પણ સુધરી ગયું છે. તામિલનાડુમાં રૂતાર અમ્મા માટે ગેસના ચૂલા પર ઇડલી-ડોસા બનાવવું સરળ બની ગયું છે. બિહારની ગીતા દેવી, જુલી, રાજીઓ દેવીને પણ લાકડા વીણવાની ઝંઝટ અને લાકડા સળગવાથી નીકળતા ધૂમાડાંમાંથી રાહત મળી છે. હવે તેઓને આંખો બળવાની, માથું દુ:ખવાની સમસ્યા નથી અને બાળકોને શાળાએ મોકલવામાં વિલંબ પણ નથી થતો. દેશના ખૂણે ખાંચરે આવી અનેક સફળતાની ગાથાઓ તમને સાંભળવા મળશે, જે જીવનને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે અને સામાન્ય લોકોનું જીવન સરળ બનાવે છે. આ સુખ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને આભારી છે.

## અંત્યોદય સ્કીમ અને તેની પડકારજનક મુસાફરી

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના ડેટા પ્રમાણે લાકડાં, કોલસો, છાણ વગેરે જેવા પરંપરાગત ઇંધણના ઉપયોગને કારણે ભારતમાં દર વર્ષે પાંચ લાખ લોકોનાં મૃત્યુ નોંધાતા હતા. આમાંની મોટા ભાગની મહિલાઓ હતી, જેમની ખરાબ તબિયતની અસર સમગ્ર પરિવાર પર પડતી હતી. હવા પ્રદૂષણ પર પણ તેની અસર પડતી હતી. આઝાદી મળી તેના વર્ષો સુધી એલપીજી જેવું સ્વચ્છ ઇંધણ ચોક્કસ કેટેગરીના લોકો પૂરતું મર્યાદિત હતું. અગાઉની સરકારો દેશભરનાં લોકો સુધી એલપીજી સુવિધા પૂરી પાડી શકી હોત. 2014 સુધી દેશમાં માત્ર 13 કરોડ જ ગેસ જોડાણો હતા, પણ સરકારની ઉજ્જવલા સ્કીમે દેશની તસવીર બદલી નાખી અને છેલ્લાં છ વર્ષમાં સક્રિય ગેસ જોડાણોની સંખ્યા બમણાથી વધીને 29 કરોડ થઇ ગઈ છે. આજે ગેસ જોડાણ દરેકના દૈનિક જીવનનો હિસ્સો બની ગયો છે,

# ઇઝ ઓફ લિવિંગઃ ક્રાંતિકારી ફેરફાર

ઉજ્જવલા સ્કીમે દેશમાં ઇઝ ઓફ લિવિંગમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. આ સ્કીમે મહિલાઓની આરોગ્યની સ્થિતિમાં સુધારામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને પર્યાવરણ બચાવવાના સંદર્ભમાં પણ આ સ્કીમ સારી સાબિત થઈ છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝીશન ઇન્ડેક્સ અને ક્લાઇમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ ઇન્ડિયામાં રેન્કિંગમાં નોંધપાત્ર સુધારો થયો છે.



**ભારત વિશ્વમાં એલપીજીનું સૌથી મોટું ગ્રાહક બન્યું**

**99.6** **ટકા ઘરોમાં રાંધણ ગેસનો ઉપયોગ, છ વર્ષ પહેલાં માત્ર 55 ટકા ઘરોમાં જ એલપીજી વપરાતો હતો. આમ, 43 ટકાનો વધારો નોંધાયો છે**

- મહિલાઓ હવે રસોઇનો સમય બચાવી શકે છે. સ્વરોજગાર કરવાને લીધે પરિવારની આવકમાં પ્રદાન કરી શકે છે
- સ્વચ્છ ઇંધણ એટલે કે એલપીજી પર રસોઇ બનાવનારા ઘરોની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે, જેને કારણે આરોગ્ય સંબંધિત રોગો ઘટ્યા છે.
- લાકડા વીણવા માટે જંગલમાં ભટકવામાંથી મુક્તિ

પણ એક સમય હતો જ્યારે તે ચોક્કસ વર્ગ માટે 'સ્ટેટસ સિમ્બોલ' હતું. સાંસદોને દર વર્ષે 25 કુપનો આપવામાં આવતી હતી અને તેઓ પોતાના મતવિસ્તારમાં 25 પરિવારોને ગેસ જોડાણ આપવામાં ગૌરવ અનુભવતા હતા. ગેસ જોડાણોમાં કાળાબજારના સમચારો અખબારોમાં ચમકતા હતા. પણ હવે પીએમ ઉજ્જવલા સ્કીમ હેઠળ ગરીબોને 8 કરોડ ગેસ જોડાણો મફતમાં પૂરા પાડવામાં આવ્યા છે. સમગ્ર દેશમાં ગેસ જોડાણના ફેલાવાની વાત કરીએ તો આઝાદીના 60 વર્ષમાં દેશના 55 ટકા ઘરોમાં એલપીજી જોડાણ મળ્યા હતા, જ્યારે છેલ્લાં છ વર્ષમાં તેમાં 43 ટકા વધારો થઇને 99.6 ટકા ઘરોને આવરી લેવામાં આવ્યા છે.

દેશભરના રસોડાઓમાં સ્વચ્છ ઇંધણ પૂરા પાડવાના પંડિત દિનદયાલના અંત્યોદયના સ્વપ્નને સાકાર કરવાનો પ્રયાસ કરી રહેલી સરકાર માટે આ સરળ નહોતું. સૌથી મોટો પડકાર નાણાંકીય સંસાધનોનો હતો, જે અગાઉની સરકારો પણ કરી શકી હોત. પણ તેમનામાં રાહતદરના એલપીજીનું વિસ્તરણ કરવાનો ઇરાદો નહોતો. નિયત સમય કરતા સાત મહિના પહેલાં આઠ કરોડ મફત કનેકશન પૂરા પાડવાનો લક્ષ્ય હાંસલ કરવાનો શ્રેય વર્તમાન સરકારના હિંમતભર્યા નિર્ણયને જાય છે. આ સ્કીમની પ્રશંસા સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. સ્કીમની સફળતાથી આકર્ષાઇને ઘાના અને બાંગલાદેશ જેવા દેશો પણ તેના પર અમલ કરી રહી છે. સ્કીમને છ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે ત્યારે ઉજ્જવલા યોજનાની સફળ મુસાફરીને સમજવી પણ એટલી જ જરૂરી છે.

## પહલ સાથે નવો પ્રારંભ

મે 2014માં કેન્દ્ર ખાતે સત્તા પરિવર્તન બાદ સરકારના અભિગમમાં પરિવર્તન સ્પષ્ટ દેખાઇ રહ્યું હતું. સરકારે સમગ્ર દેશને આવરી લેવા સબસિડાઇઝ્ડ એલપીજી માટે નાણાંકીય સંસાધન ઊભા કરવાની નીતિ પર કામ શરૂ કર્યું. સરકારે ડિઝલ પરની સબસિડી નાબૂદ કરીને તેને બજાર સાથે લિન્ક કરીને આ દિશામાં પ્રથમ પગલું લીધું. એ પછી યોગાનુયોગે સકારાત્મક ઘટના એ બની કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ભાવ જે 150 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયા હતા તે ઘટીને 26 ડોલર થઈ ગયા. એ પછી આધાર કાર્ડ સિસ્ટમ માટે પોલીસી ફ્રેમવર્કનો અમલ કર્યો.



## ઉજ્જવલા યોજના વૈશ્વિક બની

- ઘાના અને બાંગલાદેશ જેવા દેશોએ જરૂરિયાતમંદો માટે આ પ્રકારની સ્કીમ બનાવવા માટે ઉજ્જવલા યોજનાનો અભ્યાસ કર્યો છે.
- ઘાનાએ ઇન્ડિયન ઓઇલ સાથે સમજૂતિ કરી છે કારણ કે ઘાનામાં માત્ર 23 ટકા લોકો જ એલપીજી કનેક્શન્સ ધરાવે છે અને લોકોએ સિલિન્ડર ભરાવવા માટે કલાકો સુધી લાઇનમાં ઊભું રહેવું પડે છે.
- ઉજ્જવલા યોજના દ્વારા ધુમાડામુક્ત રસોડાનું નિર્માણ કરવા બદલ ભારતને 2017માં વર્લ્ડ પેટ્રોલિયમ કાઉન્સિલ એક્સલન્સ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.
- વર્લ્ડ એલપીજી એસોસિએશન, પેરિસે તેની વેબસાઇટ પર 'ચાર્ટિંગ ધ સક્સેસ ઓફ એલપીજી ડિસ્ટ્રીબ્યુશન ઇન ઇન્ડિયા' શિર્ષક હેઠળ ઉજ્જવલાની સફળતાની ગાથાઓ પ્રસિધ્ધ કરી હતી.
- ધ ઇન્ટરનેશનલ એનર્જીએ પર્યાવરણના સંરક્ષણ માટે કાર્ય કરવા બદલ અને મહિલાઓના આરોગ્યને સુધારવા માટે પ્રયાસ બદલ ભારતની પ્રશંસા કરી હતી.

1 જાન્યુઆરી, 2015નાં રોજ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ઓફ LPG (DBTL) સ્કીમ શરૂ કરી, જેની સાથે સાથે 'JAM', 'જન ધન-આધાર-મોબાઇલ'ની ત્રિપુટી ગેમચેન્જર સાબિત થઈ. 'PAHAL' નામની સ્કીમ વિશ્વનો સૌથી મોટો નાણાંકીય સહાય યોજના બની અને તેને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું. DBTL સ્કીમથી સરકાર 4.11 કરોડ નકલી જોડાણો ઓળખી કાઢીને રૂ. 13,000 કરોડની બચત કરી શકી. લીકેજ-પ્રુફ ડિજિટલ સિસ્ટમે સરકારને સમગ્ર દેશમાં એલપીજી સુવિધાઓ પૂરી પાડવા માટેનો આર્થિક આધાર આપ્યો.

DBTL સ્કીમ માટે જમીની માળખું તૈયાર કરતી વખતે જ ડિજિટલ સિસ્ટમ રચવામાં આવી હતી, જેથી ગરીબોને કોઇ અગવડતા ન પડે. તેમણે માત્ર ડિસ્ટ્રીબ્યુટર પાસે જઈને ઉજ્જવલા કનેક્શન જ માગવાનું હતું. એ પછી, ગ્રાહકને ઉજ્જવલા કનેક્શન પૂરું પાડવાની જવાબદારી ડિસ્ટ્રીબ્યુટરની છે.

### ધનિક વર્ગ દ્વારા સબસિડી જતી કરવામાં આવી

લોક-કેન્દ્રી યોજનાઓમાં લોકોની ભાગીદારી દ્વારા નીતિ ઘડવી એ નરેન્દ્ર મોદી સરકારના સુશાસનનું પાસુ રહ્યું છે. સ્કીમનો પાયો તૈયાર કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 માર્ચ 2015નાં રોજ પેટ્રોલિયમ મંત્રાલયના 'ઊર્જા સંગમ કાર્યક્રમ'માં 'ગિવ ઇટ અપ'નો નારો આપ્યો, જેમાં તેમણે ધનિકોને એલપીજી સિલિન્ડર પરની સબસિડીનો લાભ ન લેવાનું આહવાન કર્યું અને જણાવ્યું કે, આ ઝૂંબેશ દ્વારા બચનારા નાણાં સરકારની તિજોરીમાં નહીં જાય, પણ તેનો ઉપયોગ ગરીબોને મફતમાં એલપીજી સિલિન્ડર આપવા માટે થશે. વડાપ્રધાનની હાકલને સમાજના ધનિકોએ સકારાત્મક પ્રતિસાદ આપ્યો અને ગણતરીના દિવસોમાં જ 1.08 કરોડ ગ્રાહકોએ સ્વૈચ્છિક રીતે એલપીજી સબસિડી જતી કરી. લોકોના ટેકાથી ઉજ્જવલા લોકચળવળ બની અને ગરીબો તથા મધ્યમવર્ગ માટે જીવનરેખા પુરવાર થઈ. ઉત્તરપ્રદેશના બલિયામાં 1 મે, 2016નાં રોજ શરૂ થયેલી આ સ્કીમે છ વર્ષ પૂરા કરી લીધા છે.

### અપેક્ષાઓને પાંખો આવી, જીવન બન્યું સરળ

ઉજ્જવલા યોજનાએ ગરીબો, વંચિતો, મધ્યમવર્ગ, અનુસૂચિત જાતિ-જનજાતિ અને ખાસ કરીને મહિલાઓનું જીવનધોરણ બદલી નાખ્યું છે. ઇઝ ઓફ



## તંદુરસ્ત પરિવાર, તંદુરસ્ત સમાજ

- વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા પ્રમાણે, પરંપરાગત ઈંધણ પર રસોઇ બનાવવાને કારણે ભારતમાં દર વર્ષે પાંચ લાખ લોકોનાં મૃત્યુ થતાં હતા.
- હવે, ઈન્ડિયન ચેસ્ટ સોસાયટી અને ચેસ્ટ રિસર્ચ ફાઉન્ડેશને એવું તારણ કાઢ્યું છે કે ઉજ્જવલા સ્કીમથી શ્વાસોચ્છવાસ અને ફેફસાના રોગોમાં 20 ટકા ઘટાડો થયો છે.
- ઉજ્જવલાને કારણે આરોગ્ય સુધર્યું છે, ખાસ કરીને મહિલાઓનું.
- ધુમાડારહિત રસોડાને કારણે મહિલાઓને માથાનો દુ:ખાવો અને આંખોમાં બળતરામાંથી મુક્તિ મળી છે
- મહિલાઓને સ્વસહાય જૂથોની મદદથી રોજગારી મળી જાય છે. રસોડામાં ઓછો સમય પસાર કરવો પડતો હોવાથી તેમને પડોશીઓ સાથે ચર્ચા કરવાનો સમય મળે છે.
- ઉજ્જવલા યોજનાને કારણે ગરીબો, વંચિતો, અનુસૂચિત જાતિ, જનજાતિ સમુદાયોનું જીવનધોરણ સુધર્યું છે અને સામાજિક સશક્તિકરણનું માધ્યમ બન્યું છે.

લિવિંગ એ હવે સરકાર માટેનો મંત્ર બની ગયો છે અને ઉજ્જવલા યોજના આ મંત્રને સાકાર કરવાનો સ્તંભ બની ગયો છે. તેણે સામાન્ય માણસની અપેક્ષાઓને નવી ઉડાન આપી છે. ગેસ સ્ટવ પર રસોઈ કરવાથી મહિલાઓનું જીવન ઘણું સરળ બની ગયું છે તેઓ હવે પોતાના અને પોતાના પરિવાર માટે સમય કાઢી શકે છે. તેને પરિણામે, મહિલાઓ નવરાશના સમયનો ઉપયોગ સ્વરોજગાર માટે, કૌશલ્ય તાલીમ અન્ય પ્રવૃત્તિઓ માટે કરી શકે છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ફાતીહ બિરોલ કહે છે કે, ‘‘ભારતમાં 2020 સુધીમાં તમામને એલપીજી સુવિધા પૂરી પાડવી એ મોટી સિધ્ધિ છે. આ માત્ર સ્વચ્છ ઊર્જા પૂરી પાડવાની જ વાત નથી, તે નાણાંકીય અને સામાજિક પહેલ પણ છે.’’

ઇઝ ઓફ લાઇફનું મહત્વ સમજવા અને આ સ્કીમની પાછળ દેશની ટોચની નેતાગીરીની વિચારધારાને સમજવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દર્દને પણ સમજવું જરૂરી છે, જેમણે કહેલું, હું જ્યાં જન્મ્યો હતો તે ઘર નાનકડી ગલી જેવું હતું. ત્યાં કોઈ બારી નહોતી. એક જ બારણું હતું અને મારી બા રસોઇ બનાવવા લાકડાનો ચુલો સળગાવતી હતી. ઘણી વાર તો એટલો બધો ધૂમાડો નીકળતો કે તે પીરસતી હોય ત્યારે અમે તેને જોઇ પણ નહોતા શકતા. આમ, બાળપણમાં ધુમાડાઓ વચ્ચે અમે જમતાં હતા. તેથી, હું એ માતાઓ અને બાળકોના દુ:ખને સમજી શકું છું. હું એ દર્દને જીવ્યો છું અને મારે એ ગરીબ માતાઓને દુ:ખદ જીવનમાંથી મુક્ત કરવાની છે. તેથી, મેં આઠ કરોડ પરિવારોને મફત એલપીજી સિલિન્ડર પૂરા પાડવાની પ્રતિજ્ઞા લીધી છે. આ સ્કીમે સામાન્ય માણસને તંદુરસ્ત જીવન આપ્યું છે, જે સ્વસ્થ સમાજના નિર્માણમાં મદદરૂપ સાબિત થઈ રહી છે.

### તંદુરસ્ત પરિવાર, તંદુરસ્ત વાતાવરણ

વિજ્ઞાનીઓના જણાવ્યા પ્રમાણે કોઇ મહિલા લાકડાના ચુલા પર રસોઇ બનાવે ત્યારે તે એક દિવસમાં 400 સિગારેટની સમકક્ષ ધુમાડો શ્વાસમાં લે છે, જેની અસર ઘરમાં રહેતા બાળકો અને અન્યો પર પડે છે. આંખોમાં બળતરા, માથાનો દુ:ખાવો, અસ્થમા, શ્વાસોચ્છવાસ રોગ સામાન્ય છે. ઉજ્જવલા યોજના દેશના ગ્રામીણ વિસ્તારોમાં

# સમાજના તમામ વર્ગોના ગરીબોને ફાયદો

- ઉજ્જવલા યોજનાએ જેમ જેમ ગતિ પકડી પકડી તેમ તેમ દેશની ટોચની નેતાગીરીએ તેનું વિસ્તરણ કરવાનો નિર્ધાર કર્યો. અગાઉ, પાંચ કરોડ કનેક્શન્સ પૂરા પાડવાનો લક્ષ્ય હતો. પણ તેનું મહત્વ અને જાહેર લાગણીને જોતાં લક્ષ્ય વધારીને 2018માં 8 કરોડ કરવામાં આવ્યો.
- પ્રથમ લક્ષ્ય 2011ના સામાજિક-આર્થિક જ્ઞાતિ વસતિ ગણતરીના આધારે નક્કી કરવામાં આવ્યો હતો. પણ જ્યારે લક્ષ્ય વધારવામાં આવ્યો ત્યારે અન્ય કેટેગરીનો પણ ઉમેરો કરવામાં આવ્યો.
- સામાજિક-આર્થિક ગણતરી ઉપરાંત, તમામ એસસી /એસટી પરિવારો, પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ, અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓ, આદિવાસીઓ, ચાના બગીચાના શ્રમિકો, ટાપુઓ પર રહેતા લોકો, અત્યંત પછાત વર્ગો અને આર્થિક રીતે ગરીબ સવર્ણોને પણ સ્કીમમાં આવરી લેવામાં આવ્યા હતા.
- આઠ કરોડ લાભાર્થીમાંથી એસસી-એસટી કેટેગરીનું પ્રમાણ 3.05 કરોડ એટલે કે 38 ટકા થાય છે
- સરકારનો ઇરાદો માત્ર એલપીજી સુવિધા જ પૂરી પાડવાનો નથી. સરકાર એલપીજીની ઉપલબ્ધિનું વિસ્તરણ કરવા માગે છે જેથી અંતરના અભાવે લોકો ઉપયોગ બંધ ન કરે. સપ્લાય ચેઇન વધારવા ગેસ ડિસ્ટ્રીબ્યુટર્સ વધારવા અને 15 કિલોમીટરની ત્રિજ્યાની અંદર નવા ડિસ્ટ્રીબ્યુટર્સ ઊભા કરવા જીઓ ટેગિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- અગાઉ 13,500 એલપીજી ડિસ્ટ્રીબ્યુટર્સ હતા, જે હવે વધીને 25,000થી વધુ થઈ ગયા છે. આનાથી ખાસ કરીને પૂર્વ અને ઉત્તર પૂર્વ ભારતને લાભ થયો છે, જ્યાં એલપીજી ગ્રાહકો અને ડિસ્ટ્રીબ્યુટર્સ બંનેની સંખ્યા ઓછી હતી. એલપીજીની વાર્ષિક આયાત 16 મિલિયન મેટ્રિક ટનથી વધીને 26 મિલિયન મેટ્રિક ટન થઈ ગઈ છે.



- વધુમાં, સ્કીમ સામે મોટો પડકાર એ હતો કે 14 કિલોના સિલિન્ડર માટે ગરબી માણસ કઈ રીતે રૂ. 800 આપે? સરકારે આ માટે પાંચ કિલોના સિલિન્ડર શરૂ કર્યા. પણ ઘણાંને એ ન ગમ્યું.
- સરકારે લોકોને કનેક્શન લેતી વખતે રૂ. 1600ની લોન આપી, જે સબસિડીમાંથી બાદ કરવામાં આવતી હતી. પણ સરકારે રૂ. 1600ની લોન પર મોરેટોરિયમ આપ્યું જેથી લોકોને સમસ્યા ન નડે. હવે આના પર ભવિષ્યમાં નિર્ણય લેવામાં આવશે.

મહિલાઓનાં જીવનને બહેતર બનાવી રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા, ધ ઇન્ડિયન ચેસ્ટ સોસાયટી અને ધ ચેસ્ટ રિસ્ક ફાઉન્ડેશન દર્શાવે છે કે કઈ રીતે ઉજ્જવલા યોજનાએ પરિવારને તંદુરસ્ત કરીને સમાજને તંદુરસ્ત કર્યો છે. રસોઇમાં લાકડાના ઉપયોગથી વર્ષે પાંચ લાખ લોકોનાં મૃત્યુ થતાં હતાં, ત્યારે ઉજ્જવલા યોજનાએ શ્વાસોચ્છવાસ રોગમાં 20 ટકા ઘટાડો કરીને મહત્વની ભૂમિકા ભજવી છે. એટલું જ નહીં, આ સ્કીમ પર્યાવરણના રક્ષણમાં પણ અસરકારક પુરવાર થઈ રહી છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાના પ્રો. એસ કે બરુઆએ કેટલાંક ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લઈને અભ્યાસ હાથ ધર્યો હતો, જેમાં એવું તારણ નીકળ્યું હતું કે, એલપીજીને કારણે ઘરમાં પ્રદૂષણમાં તીવ્ર ઘટાડો થયો હતો, જેનાથી મહિલાઓ અને બાળકોના આરોગ્યને કુદરતી લાભ થયો હતો. ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ફૈથ બિરોલે જણાવ્યું હતું કે, હવે ઘરોમાં ઓછું પ્રદૂષણ થાય છે. ગ્લોબલ વોર્મિંગમાં મોટી ભૂમિકા ભજવતા પરંપરાગત ઇંધણમાંથી નીકળતા મિથેન, બ્લેક કાર્બન અને ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ હવે ઘટી રહ્યું છે. યુએન મલ્ટી-ડાઇમેન્શનલ પોવર્ટી ઇન્ડેક્સ પણ ડિફોરેસ્ટેશનમાં ઘટાડો થઇ રહ્યો હોવાની વાત કરે છે. યુનાઇટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) હાંસલ કરવામાં ઉજ્જવલા સ્કીમ સ્તંભ તરીકે ઊભરી આવી છે.

## કોરોના સમયગાળો અને આગામી માર્ગ

કોરોના દરમિયાન ઉજ્જવલા યોજનાએ ગામડાંઓ અને ગરીબોનું કઈ રીતે ધ્યાન રાખ્યું તેનું ઉદાહરણ છે ગરીબ કલ્યાણ પેકેજ. દેશમાં લોકડાઉન હતું ત્યારે ગરીબોના ઘરનો ચુલો ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા સરકારે

# એલપીજી પંચાયત અને પાંચ મંત્રો

ઉજ્જવલાને સફળ બનાવવાના પ્રયાસ ગામડાં પૂરતા મર્યાદિત નહોતો. એલપીજી પંચાયતો યોજીને તેનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. તેનો હેતુ સ્વચ્છ ઊર્જાનો કઈ રીતે ઉપયોગ કરવો અને તેનો લાભ લેવો તે અંગે એલપીજી વપરાશકારોમાં જાગૃતિ ફેલાવવાનો હતો. એલપીજી પંચાયતે એક મંચ પૂરો પાડ્યો જેમાં ગાયના છાણાં, કોલસો કે લાકડા જેવા પરંપરાગત ઈંધણની સરખામણીમાં સ્વચ્છ ઊર્જાના લાભ અંગેના વ્યક્તિગત અનુભવો વહેંચવામાં આવે છે. સ્કીમ લોંચ કરાયાના લગભગ એકાદ વર્ષ પછી ઓક્ટોબર 2017માં એલપીજી પંચાયતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેના પાંચ મુખ્ય હેતુ હતાઃ






પંચાયતનો હેતુ સતત સ્વચ્છ ઊર્જાના ઉપયોગનો અને સલામતી અંગેની ચિંતાઓ દૂર કરવાનો હતો. આ પંચાયતની થીમ કંઇક શીખવાનો, કંઇક શીખવાડવાનો હતો. ગુજરાતમાં પ્રથમ પંચાયત યોજાઇ ત્યારથી અત્યાર સુધી દેશમાં 1.25 લાખથી વધુ પંચાયતો આયોજીત થઈ છે.

| | |
|---|---|
| **સલામતી અને કાર્યક્ષમતાઃ** સલામત, તાત્કાલિક અને વિશ્વાસપાત્ર મદદ | **પર્યાવરણઃ** હવા પ્રદૂષણ ઘટાડો, વન અને ભૂમિ સંરક્ષણ |
| **આરોગ્યઃ** ઘરની અંદર જ ધુમાડારહિત રસોઇનો લાભ | **આર્થિક વિકાસઃ** સસ્તા ઇંધણને કારણે આવક વધારવાની |

**સશક્તિકરણઃ** જીવનની ગુણવત્તામાં સુધારો

અન્ન યોજનાના ભાગ રૂપે મફતમાં એલપીજી સિલિન્ડર આપ્યા હતા. સરકારે કોરોના સમયગાળામાં રૂ. 9600 કરોડનો ખર્ચ કર્યો અને ગરીબોને મફતમાં 14.17 કરોડ સિલિન્ડર્સ આપ્યા. ઉજ્જવલા સ્કીમની સફળતા અને સમય પહેલાં લક્ષ્ય હાંસલ થવા પાછળનાં મોટાં કારણોમાંનું એક કારણ એ હતું કે આ સ્કીમ નક્કર વાસ્તવિકતાને આધારે ઘડવામાં આવી હતી અને સમગ્ર તંત્ર સરકારના અંકુશ હેઠળ સીધું કામ કરતું હતું. કેન્દ્રીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય હેઠળની ઓઇલ કંપનીઓએ દેશના 750 જિલ્લાઓમાં ડિસ્ટ્રીક્ટ નોડલ ઓફિસર્સ (DNOs) ને તૈનાત કર્યા હતા. પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દર સપ્તાહે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ યુવા અધિકારીઓ સાથે આદાનપ્રદાન કરતા હતા અને તેમનું મનોબળ મજબૂત કરવાની સાથે સાથે સ્કીમના અમલીકરણ પર દેખરેખ પર રાખતા હતા. નિર્ધારિત લક્ષ્ય અને સમર્પિતતાને કારણે ઉજ્જવલા સ્કીમ સ્વચ્છ ઇંધણ, પર્યાવરણ સંરક્ષણ અને હેલ્થકેરમાં સુધારાનો પર્યાય બની ગઈ.

ઉજ્જવલા યોજનાની સફળતા આપણે બધાં જોઈ રહ્યા છીએ, પણ સરકાર બેસી નથી રહી. દેશની વસતિના 99.6 ટકા લોકોને એલપીજી કવરેજ આપનાર સરકારે આ સામાન્ય બજેટમાં વધુ એક કરોડ નવા કનેક્શન્સનો લક્ષ્ય નિર્ધારિત કર્યો છે, જેથી શહેરોમાં રહેતા અને કાયમી સરનામું નહિં ધરાવતા બાકીના 0.4 ટકા લોકોને એલપીજી કનેક્શન્સ આપી શકાય. એટલા માટે જ લાંબા ગાળાના અભિગમ સાથે તૈયાર કરવામાં આવેલી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને ભારતને આત્મનિર્ભર બનાવવામાં મહત્વના શસ્ત્ર તરીકે જોવામાં આવે છે. ■

ઇન્ટરવ્યુ

# “કોર્પોરેટ ઓળખ ધરાવતા પેટ્રોલિયમ મંત્રાલયે ઉજ્જવલા સ્કીમને લોક ચળવળમાં પરિવર્તિત કરી”

**હું માત્ર એટલું જ કહીશ કે, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય અગાઉ કોર્પોરેટ વર્લ્ડ તરીકે ઓળખાતું હતું પણ પ્રધાનમંત્રી ઉજ્જવલા સ્કીમે તેને નવો અર્થ આપ્યો છે અને આર્થિક રોકાણ દ્વારા સામાજિક સશક્તિકરણનું માધ્યમ બનાવ્યું છે. સરરકારની ઊર્જા અને ગરીબી નાબૂદી નીતિઓમાં મહિલાઓ કેન્દ્રસ્થાને રહી છે. ગરીબોના રસોડાંમાં રસોઇ કરતી વખતે હવે ધુમાડો નથી ઉડતો. મેરા દેશ.. મેરા દેશ....મેરા દેશ બદલ રહા હૈ....2.46 મિનિટના આ ગીતને નરેન્દ્ર મોદી સરકારની પ્રથમ મુદતના બે વર્ષની સમાપ્તિએ જારી કરવામાં આવ્યું હતું, જે સમૂહ માટે ગીત બની ગયું. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની સફળતનાને કારણે આ શક્ય બન્યું હતું. આ યોજનાએ દેશ અને દુનિયા સમક્ષ સામાજિક સશક્તિકરણનું આદર્શ ઉદાહરણ પુરું પાડ્યું હતું.** 1 મેનાં રોજ આ યોજનાએ છ વર્ષ પુરાં કર્યા. આ પૃષ્ઠભૂમિમાં ન્યૂ ઈન્ડિયા સમાચારના કન્સલ્ટિંગ એડિટર સંતોષ કુમારે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે કરેલી મુલાકાતના અંશો પ્રસ્તુત છે:

> “હું એટલું જ કહીશ કે અગાઉ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય કોર્પોરેટ વર્લ્ડ તરીકેની ઓળખ ધરાવતું હતું. પણ પ્રધાનમંત્રી ઉજ્જવલા સ્કીમે તેને નવો અર્થ આપ્યો અને આર્થિક રોકાણ દ્વારા સામાજિક સશક્તિકરણનું સાધન બનાવ્યું. ઉજ્જવલાએ મહિલાઓને ઊર્જા નીતિઓમાં મહત્વનું સ્થાન આપ્યું છે.”
>
> **ધર્મેન્દ્ર પ્રધાન**
> **કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી**



**Q કેરોસિન, છાણા અને લાકડાનો ઉપયોગ કરતી ગૃહિણી પર ઉજ્જવલા યોજનાની શી અસર પડશે તે અંગે સરકારે સ્કીમ લોંચ કરતા પહેલાં કોઇ અભ્યાસ કર્યો હતો? આ પ્રોગ્રામ શરૂ કરવા પાછળનો વિચાર શો હતો?**

**A** આનો જવાબ હું લાભાર્થીના શબ્દોમાં જ આપીશ. 2017માં બિહારના દરભંગા જિલ્લાના છત્તરિયા ગામની ઉજ્જવલા લાભાર્થી ફુલો દેવીએ કહેલું, હવે ગેસ પુરવઠો અમારા ઘર આંગણે આવી ગયો છે. પહેલાં તો અમે આવું વિચારી પણ શકતા નહોતા. ઘણી વાર સ્વચ્છ ઊર્જા પર કામ કરતા નિષ્ણાતો મને પૂછતા, પહેલાં કેમ આવી પહેલ ન કરવામાં આવી. ગામડાંઓમાં અનેક દાયકાઓ સુધી વૈકલ્પક રસોઇ પધ્ધતિઓ પર વિચાર થયો હતો. પણ મારા મતે, એલપીજી દ્વારા રસોઈ અન્ય વિકલ્પોની સરખામણીમાં વધુ સુગમ છે. એલપીજીએ દેશની મહિલાઓની અપેક્ષાઓ ફળીભૂત કરી છે. આઝાદી મળી તેના લાંબા સમયગાળા સુધી સમાજના ચોક્કસ વર્ગને જ એલપીજી ઉપલબ્ધ કરવામાં આવ્યો હતો, જ્યારે કે સંસાધનો પર તો તમામનો સમાન અધિકાર છે. અમે સમયમર્યાદા પહેલાં 8 કરોડ લાભાર્થીઓનો લક્ષ્ય હાંસલ કર્યો. આઝાદીના પ્રથમ 60 વર્ષમાં માત્ર 55 ટકા ઘરો એટલે કે 13 કરોડ પરિવારો પાસે જ એલપીજી જોડાણો હતા. પણ વડાપ્રધાનના સ્પષ્ટ વિઝનને પરિણામે છ વર્ષમાં એલપીજી જોડાણો ધરાવતા પરિવારોની સંખ્યા બમણી થઈને 29 કરોડ થઈ છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા 2.0માં દેશના 99.6 ટકા પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. અમે શહેરી ગરીબો અને પરપ્રાંતિય

શ્રમિકોને સમાવવા માગીએ છીએ. અમે ટૂંક સમયમાં પ્રક્રિયાની જાહેરાત કરીશું.

**Q અનેક યોજનાઓની જાહેરાત કરવામાં આવે છે, પણ તેનો અમલ વધુ મહત્વનો છે. સરકાર દરેક ઘરમાં એલપીજી જોડાણ સુનિશ્ચિત કરવા જઈ રહી છે ત્યારે પ્રોગ્રામની સફળતા અને વિવિધ પડકારો પર પ્રકાશ ફેંકો?**

**A** મારા મતે, PAHAL સ્કીમે એલપીજી કનેક્શનને ઘર આંગણે લઈ જવા માટેના સામૂહિક પ્રોગ્રામ પહેલાં તખ્તો તૈયાર કરી લીધો હતો. એ પછી વિવિધ પ્રયાસો દ્વારા તમામ હિસ્સેધારકોને એક મંચ પર લાવવામાં આવ્યા હતા. સમાજના ધનિક વર્ગોએ 'ગિવ ઇટ અપ કેમ્પેન'માં જે રીતે જોશ અને ઉત્સાહભેર ભાગ લીધો તેનાથી સરકારને ગરીબોમાં પણ એલપીજી ગેસના સમાન વિતરણ માટે પ્રોત્સાહન મળ્યું. એટલા માટે જ ઉજ્જવલા સ્કીમ દેશના જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી શકી છે. ભારત જેવા દેશમાં જ્યાં આટલી બધી વૈવિધ્યતા છે ત્યાં આવી મોટી સ્કીમ લાગુ કરવી ખૂબ પડકારજનક છે. અમે ગેસ પુરવઠો વધારવો, બોટલિંગ પ્લાન્ટ નેટવર્કનું વિસ્તરણ, સિલિન્ડરનું ઉત્પાદન સહિતનાં વિવિધ મુદ્દે કામ કરવાની સાથે સાથે રેગ્યુલેટર્સ અને ગેસ સ્ટવ્સનો મજબૂત પુરવઠો પણ સુનિશ્ચિત કર્યો.

**Q ગ્રામવાસીઓને રીફ્યુઅલિંગમાં સમસ્યા નડતી હતી કારણ કે ડિસ્ટ્રીબ્યુટર્સ ખૂબ દૂર હોય છે? સરકારે આ સમસ્યાનું સમાધાન કઈ રીતે કર્યું?**

**A** તમે ડિસ્ટ્રીબ્યુટર્સનું લિસ્ટ જૂઓ. આશરે 10,000 ડિસ્ટ્રીબ્યુટર્સ ઉમેરવામાં આવ્યા છે. ઉજ્જવલા સ્કીમને કારણે એલપીજી કનેક્શન્સની સંખ્યા પણ વધી ગઈ છે, જેનાથી ડિસ્ટ્રીબ્યુટર્સને પણ ઊંચો નફો થાય છે. પબ્લિક વેલ્ફેર સેન્ટર્સ અને ઉજ્જવલા દીદી જેવી પહેલને કારણે ભવિષ્યમાં ગ્રાહકોને વધુ સારી સેવા આપવાની સંભાવના છે.

**Q ઘણી વાર ગ્રાહકોએ સિલિન્ડર માટે ઉચ્ચક રકમ આપવી પડે છે, જેનાથી ગરીબ પરિવારો પર બોજ પડે છે. ? આ દિશામાં કયા પગલાં ભરવામાં આવ્યા છે અને ભવિષ્યની યોજના શી છે?**

**A** જૂઓ, ઉજ્જવલા સ્કીમનો મુખ્ય હેતુ દરેક ઘરમાં એલપીજી જોડાણ પુરું પાડવાનો હતો. રિફિલિંગની સમસ્યા હોવાથી અમે નાના સિલિન્ડર પર કામ શરૂ કર્યું. પણ મોટા ભાગના લોકોએ 14 કિલોના સિલિન્ડર જ ખરીદવાની તૈયારી બતાવી. તમને યાદ હોય તો, ઉજ્જવલા સ્કીમ હેઠળ ગ્રાહકોને રૂ. 1600ની લોન આપવામાં આવી હતી, જે સિલિન્ડર પરની સબસિડીમાંથી બાદ કરવાના હતા. ગરીબો પર બોજ ન પડે અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન મળે તે માટે સરકારે લોન પિરિયડ લંબાવ્યો છે.

**Q&A**

**મહિલાઓમાં આરોગ્ય સંબંધિત સમસ્યા ઉકેલવામાં અને પર્યાવરણ સંરક્ષણ પ્રયાસોમાં તેણે કઈ રીતે મદદ કરી છે?**

આ બાબત પર મંત્રી નહીં, પણ કોઇ નિષ્ણાત વધુ પ્રકાશ પાડી શકે. આ કાર્યક્રમ શરૂ થયા પછી વિશ્વ આરોગ્ય સંસ્થા, ચેસ્ટ સોસાયટી, આઇઆઇએમ અમદાવાદ, વર્લ્ડ પેટ્રોલિયમ કાઉન્સિલ અને દેશ-વિદેશની યુનિવર્સિટીઓએ હાથ ધરેલો અભ્યાસ સ્પષ્ટ કહે છે કે રસાઇ ધુમાડારહિત બની પછી પ્રદૂષણ સંબંધિત રોગોમાં ઘટાડો આવ્યો છે. જંગલોમાં ઝાડ કાપવાની પ્રવૃત્તિમાં પણ ઘટાડો નોંધાયો છે. વિવિધ અભ્યાસ પરથી એ અત્યંત સ્પષ્ટ છે કે મહિલાઓ અને તેમના પરિવારજનોને તેમાંથી ખૂબ લાભ થયો છે.

**Q કોરોના મહામારીમાં ઉજ્જવલા સ્કીમ ગરીબોને સીધી રાહત આપવામાં કઈ રીતે મદદરૂપ સાબિત થઈ રહી છે?**

**A** તમે જોયું હશે કે દેશ જ્યારે લોકડાઉન તરફ જઈ રહ્યો હતો ત્યારે સરકાર સ્પેનિશ ફ્લુ દરમિયાન પ્રવર્તમાન સ્થિતિનો અભ્યાસ કર્યો હતો. લોકડાઉનના બીજા દિવસે જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રૂ. 1.75 લાખ કરોડનાં રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. પહેલેથી જ અમારો ઇરાદો સ્પષ્ટ હતો કે દેશનો કોઈ ગરીબ પરિવાર ભૂખ્યો ન રહે. સરકારી તિજોરી પર રૂ. 96,000 કરોડનો બોજ હતો પણ સરકારે ગરીબના ઘરઆંગણે 14 કરોડ સિલિન્ડર પૂરા પાડવામાં આવે તે સુનિશ્ચિત કર્યું.

**Q ઉજ્જવલા સ્કીમની પ્રચંડ સફળતા બાદ ઘાના સહિતના અનેક દેશોએ ભારતના નિષ્ણાતો પાસેથી મદદ માગી હતી?**

**A** આ ભારતની બદલાતી સોચનું ઉદાહરણ છે. વિશ્વ એ જોઇ રહ્યું છે કે ભારત નવી ઊર્જા અને નવા વિચાર સાથે પગલું ભરે છે ત્યારે તે સફળતા મેળવે જ છે. ઉજ્જવલા સ્કીમ હેઠળ આપણે સમયમર્યાદા પહેલાં લક્ષ્યાંક હાંસલ કર્યો અને ગ્રાહકોને સ્વચ્છ ઊર્જાના ઉપયોગ માટે પ્રોત્સાહિત કર્યા. આ વિચારધારાએ વિશ્વને ભારત તરફ જોવા મજબૂર કર્યું. ઊર્જા, પર્યાવરણ અને આરોગ્ય અંગેના વિવિધ સમસામયિક અભ્યાસ જોશો તો તમને ખ્યાલ આવશે કે સર્વત્ર ઉજ્જવલા સ્કીમની સફળતાની જ ચર્ચા ચાલી રહી છે. ■

# રાષ્ટ્રની પ્રગતિનો આધાર પૂર્વ ભારતના વિકાસ પર




**ભારતનો સુવર્ણ યુગ તો ત્યારે હતો જ્યારે પૂર્વ ભારત જ સમગ્ર ભારતનું નેતૃત્વ કરતું હતું. ઓડિશા, બિહાર કે કોલકતા હોય, આ શહેરો ભારતના કેન્દ્રસ્થાને હતા અને દેશની આગેવાની કરતા હતા. ઉત્કલ કેસરી ડો. હરેકૃષ્ણ મહતાબના પુસ્તક 'ઓડિશા ઈતિહાસ'ના હિન્દી સંસ્કરણનું વિમોચન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીના ઈતિહાસમાંથી શીખ લઈને યુવાનોના સામર્થ્યને સાથે લઈને બનેલા ભારતને ઊંચાઈઓ પર લઈ જવાનો યુવા સંકલ્પ આપ્યો હતો.**

"ભારતનો સંતુલિત વિકાસ ન થાય તો કદાચ આપણે આપણી સંભાવનાઓનો સંપૂર્ણ ઉપયોગ નહીં કરી શકીએ. તમે આજકાલ ભારતના પશ્ચિમી જગતમાં પ્રગતિ અને સમૃધ્ધિ જૂઓ છો. પણ પૂર્વના રાજ્યોમાં ઓડિશા, બિહાર, બંગાળ કે આસામમાં ભરપૂર કુદરતી સંસાધનો, રચનાત્મક હસ્તીઓ, અદભૂત માનવ સંસાધન છે. પુષ્કળ સંભાવનાઓથી ભરેલો આ વિસ્તાર વિકસે તો ભારત પાછળ નહીં રહી શકે." એટલા માટે જ સરકારે છેલ્લાં છ વર્ષમાં પૂર્વ ભારતના વિકાસ પર મહત્તમ ભાર મૂક્યો છે, જેથી દેશમાં સંતુલિત વિકાસ થાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્કલ કેસરી ડો. હરેકૃષ્ણ મહતાબના પુસ્તકના હિન્દી સંસ્કરણના વિમોચન પ્રસંગે પૂર્વ ભારતને વિકસાવવાના નિર્ધારનો પુનરોચ્ચાર કર્યો હતો.



# ઉત્કલની ભવ્ય પરંપરા

**ઉત્કલ (ઓડિશા)એ હંમેશા મહાન માણસોને જન્મ આપ્યો છે, જેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામને પોતાના લોહીથી સિંચીને દેશને મહામૂલી આઝાદી અપાવી. આવી જ એક હસ્તી હતી ઉત્કલ કેસરી ડો. હરેકૃષ્ણ**



ઓડિશા એ ભગવાન જગન્નાથની પવિત્ર ભૂમિ છે, કળા અને સંસ્કૃતિનો વારસો છે, વીર અને મહાપુરૂષોની જનની છે. મહાભારત જેવા પૌરાણિક ગ્રંથોમાં પણ કલિંગ સામ્રાજ્યનો ઉલ્લેખ જોવા મળે છે. તેની કહાની પથ્થર પણ કહે છે જેના પર અહીંના પ્રતાપી સમ્રાટ ખારવેલનું નામ લખ્યું છે. ઓડિશાના રહેવાસીઓ કેટલા સ્વાભિમાની, રાષ્ટ્રભક્ત અને સાહસી છે, તેનું પ્રમાણ કલિંગનું યુધ્ધ પોતે છે. શક્તિશાળી સમ્રાટ અશોકની પરાધીનતા સ્વીકારવાને બદલે કલિંગાની પ્રજાએ યુધ્ધમાં ગૌરવશાળી મૃત્યુને ગળે લગાવ્યું. આ યુધ્ધના વિનાશે સમ્રાટ અશોકના જીવન પર ઊંડી અસર કરી અને તેમણે બૌધ્ધ ધર્મનો પ્રચાર કરવા માંડ્યો. અહીંથી 1804માં જાયી રાજગુરૂ (જયકૃષ્ણા મોહપાત્રા)ની આગેવાની હેઠળ પાઇકા યુધ્ધ દ્વારા આઝાદીનું પ્રથમ બ્યુગલ વાગ્યું હતું. એ પછી 1817માં બક્ષી જગબંધુ (જગબંધુ બિદ્યાધર મોહપાત્રા) અને ચક્રા બિસોરી અને રિન્ડો માઝીએ બળવો પોકાર્યો હતો.

## ડો. મોહતાબ-આધુનિક ઓડિશાના ઘડવૈયા



પોતાની માતૃભૂમિનું ગર્વ લેનારા કેટલાંક જૂજ નામોમાં ઉત્કલ કેસરી ડો. હરેકૃષ્ણ મહતાબનો સમાવેશ થાય છે. દેશ માટે મરી ફીટવાની હાકલ થઈ ત્યારે યુવા હરેકૃષ્ણાએ કોલેજ પડતી મૂકીને બ્રિટિશરો સામે દળમાં જોડાઇ ગયા. 23 એપ્રિલ, 1946નાં રોજ દેશની આઝાદીના પણ પહેલાં તેઓ ઓડિશાના પ્રથમ વડાપ્રધાન બન્યા અને 25 પ્રાંતોને એક કરીને બૃહદ ઓડિશા બનાવ્યું. તેમના આ પ્રયાસોમાં સરદાર પટેલે તેમની ખૂબ મદદ કરી. એ પછી તેઓ રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. ડો. મહતાબ તેમના ઊંચા કદ માટે જાણીતા હતા, પણ તેમનું ચારિત્ર્ય તેનાથી પણ વધુ મજબૂત હતું. તેમણે નવા ઓડિશાની સરહદો નક્કી કરી એટલું જ નહીં, તેનાં ભવિષ્ય માટેના સપના જોયા અને તેનાં માટે કામ પણ કર્યું. તેમણે હીરાકુંડ ડેમ, પારાદિપ પોર્ટ અને રૂરકેલા સ્ટીલ પ્લાન્ટના બાંધકામ દ્વારા આધુનિક ઓડિશાનો પાયો નાખ્યો અને રાજ્યની નવી રાજધાની તરીકે કટકને બદલે ભુવનેશ્વર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. ઉત્કલ ઈતિહાસને રાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં મહતાબજીનું મોટું યોગદાન હતું. ઓડિશામાં બનેલા સંગ્રહાલયો, આર્કાઇવ્ઝ અથવા આર્કિયોલોજીકલ સેક્શન્સ તેમની દ્રષ્ટી અને પ્રદાનનું પરિણામ છે. મજબૂત આધારસ્તંભ પર ઊભેલું ઓડિશા આજે ધામરા અને પારાદીપ બંદરનો કાયાકલ્પ હોય કે ઉર્જા ગંગા પાઈપલાઈન પરિયોજના, ખનીજોનો સાચો ઉપયોગ હોય કે પછી રાજ્યને હાઇડ્રોકાર્બન હબ બનાવવાની વાત હોય, ઓડિશા સતત વિકાસના માર્ગ પર ચાલ્યું છે.

ડો. મહતાબ ઓડિશાના વિશાળ ઈતિહાસને વિશ્વ સમક્ષ લઈ આવ્યા, જેના હિન્દી સંસ્કરણનું વિમોચન 9 એપ્રિલનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને મહત્વની વાત કરી હતી કે ભારતનો ઈતિહાસ સ્થળોનો ઈતિહાસ નથી.

## પૂર્વ ભારતના વિકાસની ગતિ

વેપાર અને ઉદ્યોગો માટે માળખાગત સુવિધાઓ ચાવીરૂપ છે. ઓડિશામાં હજારો કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને કોસ્ટલ હાઈવેઝનું બાંધકામ થઈ રહ્યું છે, જે પોર્ટ્સને જોડશે. છેલ્લાં 6-7 વર્ષમાં સેંકડો કિલોમીટરની નવી રેલવે લાઇન બિછાવવામાં આવી છે. સાગરમાલા પ્રોજેક્ટ પર હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર પછીનો સૌથી મહત્વનો છે ઉદ્યોગ. ઉદ્યોગો અને કંપનીઓને આ દિશામાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઓડિશામાં અસ્તિત્વ ધરાવતા વિશાળ ઓઇલ અને ગેસ ક્ષેત્રો માટે હજારો કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. આ જ રીતે, સ્ટીલ ઉદ્યોગની સંભાવના પણ ચકાસવામાં આવી રહી છે. ઓડિશામાં મેરિટાઇમ રિસોર્સિસમાં અનેક તકો રહેલી છે. આ સંસાધનોને બ્લુ રિવોલ્યુશન દ્વારા ઓડિશાની પ્રગતિ માટેનો આધાર બનાવવાનો દેશનો પ્રયાસ છે, જેથી માછીમારો અને ખેડુતોનું જીવનધોરણ સુધરે. ઓડિશાના યુવાનોને આ વિકાસનો મહત્તમ લાભ મળે તે સુનિશ્ચિત કરવા આઇઆઇટી ભુવનેશ્વર, IISER બેરહેમપુર અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સ્કિલ જેવી સંસ્થાઓની શિલારોપણ વિધી કરવામાં આવી છે. જાન્યુઆરી મહિનામાં ઓડિશામાં આઇઆઇએમ સંબલપુરની શિલારોપણ વિધી કરવામાં આવી હતી, જે આગામી વર્ષોમાં ઓડિશાનું ભાવિ નિર્માણ કરશે અને વિકાસને નવો માર્ગ આપશે. ■



# પોખરણ ટુઃ જ્યારે વિશ્વને ભારતની તાકાતનો પરચો મળ્યો


**કોઇ કામ થાય એ જ મહત્વનું નથી હોતું, તે કઈ રીતે કરવામાં આવ્યું એ વધુ મહત્વનું છે. 23 વર્ષ પહેલાં 11 મે, 1998નાં રોજ પોખરણ પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેના માટે આ સાચું ઠરે છે. જો કે અગાઉ ભારતે 18 મે, 1974નાં રોજ પરમાણુ પરીક્ષણ કર્યું હતું, પણ મે 1998માં પરીક્ષણો કરવામાં આવ્યાં ત્યારે અનેક દેશોની ભારત પર નજર હતી. તેમ છતાં ભારતે પાંચ પરમાણુ પરીક્ષણો કર્યા અને વિશ્વને પોતાની તાકાત બતાવી. આ નિર્ણયે માંડ ત્રણ મહિના પહેલાં સત્તામાં આવેલી તત્કાલીન કેન્દ્ર સરકારની રાજકીય પ્રતિબધ્ધતા પણ દર્શાવી.**

ભારતે 'શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ'ના સિદ્ધાંત પર ચાલતા હંમેશા વિશ્વશાંતિને પોતાનો ધ્યેય બનાવ્યો છે. પણ વાત જ્યારે આત્મસન્માન અને દેશના હિતની આવે ત્યારે દેશે ક્યારેય  કોઇ બાબત સાથે સમાધાન નથી કર્યું. પોખરણ પરમાણુ પરિક્ષણો ભવ્ય ગાથા અને દેશના આત્મસન્માનનું પ્રમાણ છે. 18 મે, 1974નાં રોજ ભારત પસંદગીના પરમાણુ રાષ્ટ્રોમાં જોડાયું હતું, અને 11 મે, 1998નાં રોજ તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું. ખરેખર તો, પરમાણુ સત્તા ક્ષમતામાં ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આ શરૂઆત જ હતી, જેની બ્લુપ્રિન્ટ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની 13 દિવસની સરકારમાં તૈયાર કરવામાં આવી હતી, પણ યોજના પર અમલ થઈ શક્યો નહીં.

11 મે, 1998નો દિવસ હતો. બળબળતી બપોર હતી. સાંજે 3-45 કલાકે વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન 7, રેસકોર્સ રોડ ખાતે બગીચામાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદ કેમ બોલાવવામાં આવી છે તેનું કારણ કોઇને ખબર નહોતું. અચાનક વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કેમેરા સામે બોલવાનું ચાલુ કર્યું, ''આજે 3-45 કલાકે ભારતે પોખરણ રેન્જમાં ત્રણ ભૂગર્ભ પરમાણુ પરીક્ષણો હાથ ધર્યા. આજે એક ફ્યુઝન, એક લો યિલ્ડ ડિવાઇસ અને એર થર્મોન્યુક્લિયર ડિવાઇસ સાથે પરીક્ષણ કરવામાં આવ્યા હતા.''

> "આ ભારત બદલાયેલું ભારત છે. તે વિશ્વ સમુદાય સાથે સમાનતાના આધારે સહકારની ભાવનાથી ચાલવા માગે છે. તે કોઇના પ્રતિબંધો સામે ઝૂકશે નહીં, અમારા પરમાણુ શસ્ત્રો કોઇ દેશ સામે નથી, પણ શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરવા માટે છે."
>
> **- અટલ બિહારી વાજપેયી, તત્કાલીન વડાપ્રધાન, પરમાણુ પરીક્ષણો પછી સંસદમાં બોલતા**

# વૈશ્વિક નજર હોવા છતાં ભારત પરીક્ષણમાં સફળ





ભારતમાં પ્રથમ પરમાણુ પરિક્ષણ 18 મે, 1974નાં રોજ હાથ ધરવામાં આવ્યો હતો અને એ દિવસે બુધ્ધ પૂર્ણિમા હતી, તેથી ઓપરેશનનું નામ 'સ્માઈલિંગ બુધ્ધા' રાખવામાં આવ્યું હતું. મે 1998માં હાથ ધરવામાં આવેલા પરીક્ષણનું નામ વડાપ્રધાન વાજપેયીએ 'ઓપરેશન શક્તિ' રાખ્યું હતું. એ વખતના મિડિયા રિપોર્ટ્સમાં પડદા પાછળની તૈયારી અંગે આ પ્રકારના અહેવાલો આવ્યા હતા.

- અગાઉ, 1995માં પરમાણુ પરીક્ષણો હાથ ધરવા પ્રયાસ કરવામાં આવ્યા હતા પણ અમેરિકના દબાણને પગલે છેલ્લી ઘડીએ પરીક્ષણ પડતું મૂકવામાં આવ્યું હતું. અમેરિકાએ પોખરણ ટેસ્ટ સાઈટ ખાતે દેખરેખ વધારી દીધી હતી અને ચાર સેટેલાઈટ પર સતત નજર રાખતું હતું.
- ભારતીય વિજ્ઞાનીઓએ અમેરિકન જાસૂસી ઉપગ્રહોને ભારતની માહિતી મળતી રોકવા માટે અમેરિકન ઉપગ્રહોની વાસ્તવિક સમયની પ્રવૃત્તિઓ મેળવવા પ્રયાસ કર્યો હતો. અંતે, ભારતીય વિજ્ઞાનીઓને અમેરિકન સર્વેલન્સ સેટેલાઈટ્સ પોખરણમાંથી કયા સમયે પસાર થયા હતા તેનો સમય જાણવામાં સફળતા મળી. આ જાસૂસી સેટેલાઈટ દિવસમાં ફરી વાર ક્યારે આવ્યા એ પણ જાણી શકાયું હતુ
- અમેરિકાના દેખરેખ ઉપગ્રહો 24 કલાકમાં પોખરણ ટેસ્ટ રેન્જ પર બે કે ત્રણ વાર ફોકસ કરતા હતા. તેથી ભારતીય વિજ્ઞાનીઓએ એ કલાકો દરમિયાન કશું પણ કરવાનું ટાળ્યું
- પ્રોજેક્ટ સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓ એટલા સાવચેત અને જાગૃત હતા કે એક બીજા સાથે વાતચીત કરતી વખતે તેઓ કોડ વર્ડમાં વાત કરતા હતા. તેઓ એકબીજાને છદ્મ નામોથી બોલાવતા હતા. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા લોકોને લશ્કરના યુનિફોર્મમાં પરમાણુ પરીક્ષણની સાઈટ પર લઈ જવામાં આવ્યા હતા, જેથી ગુપ્તચર એજન્સીઓને ગુમરાહ કરી શકાય કે જવાનોને ફરજ માટે લઈ જવામાં આવી રહ્યા છે
- સમગ્ર ઓપરેશન એટલું છુપી રીતે કરવામાં આવ્યું હતું કે, એટોમિક એનર્જી કમિશનના ચેરમેન ડો. આર ચિદમ્બરમ મેજર જનરલ નટરાજની નેમપ્લેટના યુનિફોર્મમાં, ડીઆરડીઓના ચેરમેન ડો. એપીજે અબ્દુલ કલામ મેજર જનરલ પૃથ્વીરાજના યુનિફોર્મમાં, ન્યુક્લિયર સાયન્ટીસ્ટ અનિલ કાકોડકર અને કે સંથનામ આર્મી યુનિફોર્મમાં પરીક્ષણ સ્થળે હાજર હતા.
- 10મેની રાત્રે ઓપરેશનને અંતિમ ઓપ આપતી વખતે તેનું નામ ઓપરેશન શક્તિ રાખવામાં આવ્યું હતું. સવારમાં ત્રણ વાગ્યાની આસપાસ લશ્કરની ચાર ટ્રકોમાં પરમાણુ ડિવાઈસિસને ઘટના સ્થળે લઈ જવામાં આવી હતી. અગાઉ, આ ડિવાઈસિસને ભારતીય હવાઈ દળના વિમાન દ્વારા જેસલમેર બેઝ ખાતે લાવવામાં આવી હતી.
- સમગ્ર ઓપરેશન દરમિયાન દિલ્હી ઓફિસમાં આ રીતની વાતો થતી હતી-શું સ્ટોર પહોંચી ગયો છે? ન્યુક્લિયર ડિવાઈસિસની એક સ્કવોડનું નામ તાજમહલ રાખવામાં આવ્યું હતું. અન્ય કોડ નેમમાં વ્હાઈટ હાઉસ અને કુંભકરણનો સમાવેશ થાય છે.
- વિજ્ઞાનીઓની સૂચના પ્રમાણે ઊંડા કુવા ખોદવામાં આવ્યા હતા. ન્યુક્લિયર ડિવાઈસિસને આ કુવાઓમાં મૂકવામાં આવ્યા હતા, ઝાડા વાયરોને સંતાડવા માટે રેતીના મોટા મોટા પહાડ બનાવવામાં આવ્યા હતા
- 13મેનાં રોજ પરમાણુ પરિક્ષણ કરવામાં આવ્યું ત્યારે મશરૂમ આકારનો જાડો ધુમાડો ઊપસી આવ્યો અને પરીક્ષણ સ્થળે વિશાળ ખાડો સર્જાયો. આ સમગ્ર ઘટનાક્રમ પર 20 વિજ્ઞાનીઓનું જૂથ નજર રાખી રહ્યું હતું.
- પોખરણ પરમાણુ પરિક્ષણ બાદ પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર નહીં કરનારો ભારત એક માત્ર દેશ હતો. ભારત પર પ્રતિબંધો મૂકવામાં આવ્યા પણ દેશે એ હાંસલ કરી લીધું હતું જેનાથી લોકોની છાતી ગર્વથી ફુલી જાય.

વડાપ્રધાનના આ શબ્દો વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રોની સામે ભારતને શક્તિશાળી દેશ તરીકે સ્થાપિત કરવાની શરૂઆત હતી. હવે, ભારત 'ન્યૂ ઈન્ડિયા' તરીકે ઊભરવા એ જ માર્ગ પર આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પત્રકાર પરિષદને સંબોધી તેના 45 કલાકમાં વધુ બે પરમાણુ પરિક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા. ત્યારથી 11મેને નેશનલ ટેકનોલોજીકલ ડે તરીકે મનાવવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, મે 1998 દેશ માટે માત્ર પરમાણુ પરીક્ષણના સંદર્ભમાં જ નહીં, જે રીતે પરીક્ષણો કરવામાં આવ્યા એના માટે પણ મહત્વની ઘટના છે. પોખરણ પરીક્ષણો એ સમગ્ર વિશ્વને બતાવી દીધું કે ભારત મહાન વિજ્ઞાનીઓ અને મજબૂત નેતાગીરી ધરાવતો દેશ છે. એ દિવસે અટલ બિહારી વાજપેયીએ મંત્ર આપ્યો હતો- ''જય જવાન, જય-કિસાન, જય-વિજ્ઞાન.'' ભારતના સામર્થ્ય અને તાકાતને વધારવા માટે, આધુનિક અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા માટે અટલજીએ 'જય-વિજ્ઞાન'નો મંત્ર આપ્યો હતો. 2014માં મોદી સરકારે વાજપેયીને ભારતરત્ન પુરસ્કાર દ્વારા સન્માન કર્યું હતું. ■



# જીવનની અનિશ્ચિતતા સામે મોટો આધાર

**દરેક વ્યક્તિ, ખાસ કરીને છેવાડાનો માનવી વૃધ્ધાવસ્થા અને જીવનમાં અચાનક આવતી વિપરીત પરિસ્થિતિ અંગે ચિંતિત હોય છે. તેઓ સતત આર્થિક અસલામતીની ભાવનાથી પિડાતા હોય છે. સરકારે સામાન્ય નાગરિકોના જીવનની સલામતી માટે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજના અને અટલ પેન્શન યોજના સહિતની કેટલીક સામાજિક સુરક્ષા યોજનાઓ અમલી કરી છે.**



"તમામ સ્કીમ્સના મૂળમાં બે બાબતો મહત્વની છે. પ્રથમ, દરેકે લઘુતમ પ્રીમિયમે વીમા કવચ લેવું જોઇએ, જેથી ગરીબમાં ગરીબ પણ તેનો લાભ લઈ શકે. અમારી સરકાર ગરીબો પ્રત્યે સંવેદનશીલ છે, ગરીબોની કદર કરે છે અને તેમના સશક્તિકરણ માટે સતત પ્રયાસ કરે છે.

**— નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**"

હિમાચલ પ્રદેશના બિલાસપુરના રહેવાસી કાંતા દેવીના પતિનું અવસાન થતાં તેમની મુશ્કેલીનો પાર ન રહ્યો. તેમને ખબર નહોતી કે તેમના પતિએ પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજના હેઠળ વીમા પોલિસી ખરીદી હતી. એટલાંમાં તેમને કોઇએ કહ્યું કે, તેમના પતિએ વીમો લીધો હતો અને તમારે બેન્કમાં તપાસ કરવી જોઇએ. બેન્કે પુષ્ટિ કરી કે તેમના પતિએ વીમા પોલિસી લીધી હતી અને કેટલીક ઔપચારિકતા પૂર્ણ કર્યા બાદ તેને વીમાની રકમ મળી જશે. ઔપચારિકતાઓ પૂરી કર્યા બાદ કાંતા દેવીના ખાતામાં રૂ. બે લાખ જમા થઈ ગયા. પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજનાને કારણે કાંતા દેવીનો ઘણો આર્થિક ટેકો રહ્યો. તેઓ કહે છે, ''વડાપ્રધાને લોંચ કરેલી આ સ્કીમ ખરેખર ખૂબ સારી છે અને તેનાથી મુશ્કેલીગ્રસ્ત પરિવારોને ઘણી મદદ મળે છે.'' સુનિતાએ પણ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા યોજના પોલિસી લીધી હતી.

## પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા



- વર્ષે માત્ર રૂ. 330નાં પ્રીમિયમે રૂ. બે લાખ સુધીનો વીમો ઉપલબ્ધ છે અને તેના માટે કોઇ મેડિકલ તપાસની જરૂર નથી
- 18-50ની વયજૂથના કોઇ પણ ભારતીય નાગરિક આ સ્કીમનો લાભ લઈ શકે છે. આ ટર્મ પ્લાન દર વર્ષે રીન્યુ કરવાનો હોય છે. 55 વર્ષની ઉંમરે તે મેચ્યોર થાય છે.
- તમે આ વીમો બેન્કની કોઇ પણ બ્રાન્ચની મુલાકાત લઈને અથવા ઘેર બેઠાં નેટ બેન્કિંગ દ્વારા લઇ શકો છો. તમે આ સ્કીમનાં પોર્ટલની મુલાકાત લઈને પણ અરજી કરી શકો છો

## પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજના



**₹2 લાખ સુધીનો વીમો પ્રતિ વર્ષ માત્ર ₹12 નું પ્રીમિયમ ચૂકવીને**

- આ એક્સિડન્ટ પોલીસી છે, જે અંતર્ગત અકસ્માતથી મૃત્યુ કે કાયમી વિકલાંગતાના સંજોગોમાં રૂ. બે લાખ અને આંશિક વિકલાંગતાના કિસ્સામાં રૂ. એક લાખ આપવામાં આવે છે
- 18થી 70ની વયજૂથની કોઇ પણ વ્યક્તિ આ વીમો લઈ શકે છે. વીમાધારકની ઉંમર 70 થાય પછી વીમો પૂરો થઈ જાય. સ્કીમનો લાભ લેવા બેન્ક ખાતું હોવું જરૂરી છે
- ખાતાધારકના બેન્ક ખાતામાંથી પ્રીમિયમ બાદ થવાનું હોય ત્યારે ખાતામાં બેલેન્સ હોવું જરૂરી છે. ખાતામાં બેલેન્સ નહીં હોય તો પોલિસી રદ થઈ જશે
- બેન્ક ખાતું બંધ કરી દો તો પણ પોલિસી રદ ગણવામાં આવશે.

## અટલ પેન્શન યોજના

- આ સ્કીમનો લાભ લેવા 20 વર્ષ માટે રોકાણ કરવું જરૂરી છે. આ રોકાણ 18થી 40 વર્ષ સુધીની કોઇ પણ વ્યક્તિ કરી શકે છે.
- તમને 60 વર્ષ પછી પેન્શન મળવાનું શરૂ થશે. આ સ્કીમ હેઠળ રૂ. 1,000, રૂ. 2,000, રૂ. 3,000 અને રૂ. 5,000 સુધીનું પેન્શન મળી શકે છે.
- પેન્શનની રકમનો આધાર પ્રતિ માસ તમે ચૂકવેલા પ્રીમિયમ પર અને તમે કેટલા વર્ષે રોકાણ શરૂ કર્યું હતું તેના પર રહેલો છે.

**આ સ્કીમ લોંચ થયાના પ્રથમ બે વર્ષની અંદર આશરે 50 લાખ સબસ્ક્રાઇબર્સ નોંધાયા હતા, જે ત્રીજા વર્ષે બમણા થઈને એક કરોડ થયા હતા. ચોથા વર્ષે તે વધીને 1.5 કરોડ થયા હતા. નાણાંકીય વર્ષ 2019માં આ સ્કીમ હેઠળ આશરે 70 લાખ નવા સબસ્ક્રાઇબર્સ ઉમેરાયા હતા.**

સુનિતા કહે છે, ‘‘મારા પુત્રો કમાતા નથી. આ સ્કીમ લોંચ થઇ ત્યારે મેં વીમા પોલિસી ખરીદી હતી. બેન્ક ખાતામાં પૈસા સીધા ટ્રાન્સફર થાય છે કે નહીં તેની મને ખબર નહોતી. પણ હવે હું જાણું છું કે મને જ્યારે પણ પૈસા મળશે ત્યારે મને ખૂબ મદદરૂપ સાબિત થશે. મારી પાસે બીજી કોઇ વીમા પોલિસી હતી નહી. આ એક માત્ર પોલિસી હતી. અગાઉ મને પોલિસી અંગે થોડી શંકા હતી પણ હવે હું પોતે બીજાને પોલિસીના મહત્વ અંગે કહું છું.’’ આજે, કરોડો લોકો સામાજિક સલામતીના છત્ર હેઠળ આવ્યા હોય તો તે અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજના જેવી સ્કીમોને કારણે શક્ય બન્યું છે. આ યોજનાઓ અમલી બની તે પહેલાં દેશના 80થી 90 ટકા લોકો પાસે વીમા પોલિસી નહોતી અને તેમને પેન્શનના કોઇ લાભ મળતા નહોતા. ■




# ઉસ્તાદઃ કલાનું પુનરુત્થાન, કારીગરોને રોજગારી અને સંસ્કૃતિનું સંવર્ધન


**સમાજના કોઇ પણ વર્ગના વિકાસથી દેશનો પોતાનો જ વિકાસ થવાનો છે. અગાઉની સરકારો દ્વારા કારીગરોની સતત અવગણના થઈ હોવાથી તેઓ ગરીબીમાં જીવન ગુજારતા હતા અને તેમની કળા લુપ્ત થઈ રહી હતી. પણ વર્તમાન સરકારે કારીગરોને મુખ્ય ધારામાં લાવવા માટે ઉસ્તાદ સ્કીમ શરૂ કરી છે. ઉસ્તાદ સ્કીમને કારણે કલાકારોના હિતોનું રક્ષણ થાય છે એટલું જ નહીં તેમને પોતાના માટે નવી સવાર દેખાઇ રહી છે.**

લખનૌની ચિકનકારીના કારીગરો, મુરાદાબાદના બ્રાસ કારીગરો, ગુજરાતનું અજરક કામ અને જમ્મુ કાશ્મીરનું પેપરમાશી કામ—દેશભરના વિવિધ રાજ્યોની આવી કળા લુપ્ત થવાને આરે હતી. સરકારે આ કારીગરોનું વિચાર્યું અને 14 મે, 2015નાં રોજ બનારસી સાડી માટે પ્રખ્યાત વારાણસી ખાતેથી USTTAD (અપગ્રેડિંગ ધ સ્કિલ્સ એન્ડ ટ્રેઈનિંગ ઇન ટ્રેડિશનલ આર્ટ્સ-ક્રાફ્ટ્સ ફોર ડેવલપમેન્ટ)નો પ્રારંભ કર્યો. આ મહત્વપૂર્ણ નિર્ણયથી દેશના ખૂણે ખૂણે જોવા મળતી પરંપરાગત કળા જળવાઇ રહી એટલું જ નહીં, તેનો વિકાસ પણ થઈ રહ્યો છે.

ખાસ કરીને લઘુમતીઓમાં કારીગરીની પારિવારિક પરંપરા લુપ્ત થઈ રહી હતી. પેઢી દર પેઢી વારસામાં મળેલી પારિવારિક કળા દ્વારા પરિવારનું ભરણપોષણ કરવું પણ મુશ્કેલ બની રહ્યું હતું. વળી, વર્ષોથી ચાલતી આવતી કળા ચાલુ રાખવા છતાં કામની કોઈ કદર નહોતી થતી. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ' અને 'મેક ઇન ઇન્ડિયા' ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રએ આ કલાકારોને મદદ કરી, તેમને સાચી માહિતી આપી, તાલીમ આપી અને તેમને એવું બજાર આપ્યું જ્યાં તેમાણે બનાવેલી પ્રોડક્ટ્સનું સાચું મૂલ્ય મળવા માંડ્યુ. આ કારીગરોને વધુ સારું વળતર મળે તે માટે જાણે સરકાર જ તેમના માટે બ્રાન્ડ એમ્બેસેડર બની ગઈ. સરકાર લઘુમતી સમુદાય દ્વારા નિર્મિત હસ્તકળાની ચીજો અને ખાણીપીણીના વેચાણ માટે આયોજન કરી આપે છે અને હુન્નર હાટ અને શિલ્પ ઉત્સવ ખાતે નિયમિત પ્રદર્શન પણ યોજે છે. આમાં ઉત્તર પૂર્વના રાજ્યો પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. ■

- USTTAD સ્કીમ હેઠળ કલાકારો અને વિવર્સને કૌશલ્ય વિકાસ માટે તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત, તેમને બજારમાં તેમની પ્રોડક્ટ વેચવામાં પણ મદદ કરવામાં આવે છે
- સરકાર લઘુમતી સમુદાયોના 45 સુધીની વય ધરાવતા લોકોને પ્રતિ માસ રૂ. 3,000નું સ્ટાઇપેન્ડ આપે છે. આ સ્કીમ હેઠળ મહિલાઓ માટે 33 ટકા અનામત છે. ઉત્તરપૂર્વ અને જમ્મુ કાશ્મીરમાં વિશેષ ભાર મૂકવામાં આવે છે
- ઉત્તરપ્રદેશની ચિકનકારી અને ગ્લાસવર્ક, જમ્મુ કાશ્મીરની પેપરમાશી, પંજાબની ફુલકારી, રાજસ્થાનના લહરિયા અને ગુજરાતની અજરક જેવી દેશભરની 33 પરંપરાગત કળાની તાલીમ આપવા ધ્યેય નક્કી કરવામાં આવ્યો છે.
- હુન્નર હાટ અને શિલ્પ ઉત્સવ દ્વારા લઘુમતી કલાકારો / કારીગરોને તેમની પ્રોડક્ટ્સના માર્કેટિંગ માટે દેશ વિદેશમાં એક્ઝિબિશન્સ દ્વારા મદદ કરવી
- લઘુમતી સમુદાયોના કારીગરો, શિલ્પકારોને આગળ લાવવા, તેમનું ક્ષમતા નિર્માણ કરવા અને પરંપરાગત કૌશલ્ય સુધારવા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, સેક્ટોરલ એક્સપર્ટ કાઉન્સિલ્સ, કાપડ મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય અને અન્ય નિષ્ણાત એજન્સીઓ નોલેજ પાર્ટનર તરીકે સંકળાયેલી છે.
- આઉટસ્ટેન્ડિંગ માસ્ટર ક્રાફ્ટ્સ પર્સન્સ અને કલાકાર / રસોઈકળામાં નિષ્ણાતને એક વર્ષમાં રૂ. એક લાખનાં 10 ઉસ્તાદ સન્માન.

**સ્કીમ સંબંધિત તમામ માહિતી ઉપલબ્ધ છે http://usttad.minorityaffairs.gov.in and www.minorityaffairs.gov.in**



# પ્રતાપી મહારાણા

**ભારતનો ઈતિહાસ અનેક શૂરવીરોથી ભરેલો છે, જેમની બહાદુરીના કિસ્સા આજે પણ સંભળાવવામાં આવે છે. એવાં પણ જૂજ યોધ્ધાઓ છે જેમના નામ સાથે જ વીરતાના કિસ્સાની શરૂઆત થાય છે. મહારાણા પ્રતાપ એમાંના જ એક છે, જેમને જમીન પર સૂઈને ભૂખ્યા સુવાનું મંજૂર હતું પણ કોઈની ગુલામી સ્વીકારીને પોતાનું આત્મસન્માન ગુમાવવા માગતા નહોતા. પોતાના છેલ્લા શ્વાસ સુધી માતૃભૂમિ મેવાડનું રક્ષણ કરતા રહ્યા અને એવું જીવન જીવ્યા જેનું ઉદાહરણ આપ્યા વિના આજે પણ દેશ પ્રેમ, ત્યાગ, બલિદાન અને આઝાદીનું વર્ણન અશક્ય છે.**

મહારાણા પ્રતાપની ઐતિહાસિક ગાથાઓનું વર્ણન માત્ર ઈતિહાસના પુસ્તકો પૂરતું સિમીત નથી. મેવાડ સહિત સમગ્ર રાજસ્થાનમાં ઘર ઘરમાં પૂજાતા મહારાણા પ્રતાપની વીરતા, દેશપ્રેમ અને ત્યાગના કિસ્સા આજે પણ સંભળાવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, મહારાણા પ્રતાપની જીવનગાથા સાહસ, શૌર્ય, સ્વાભિમાન અને પરાક્રમનું પ્રતીક છે, જેનાથી દેશવાસીઓને હંમેશા રાષ્ટ્રભક્તિની પ્રેરણા મળતી રહેશે.

મેવાડની ધરતીને અનેક યોદ્ધાઓએ પોતાનાં બલિદાનોથી સિંચી છે. રાણા સંગા અને રાણા ઉદયસિંહના વંશજ મહારાણા પ્રતાપ આવી જ એક હસ્તી હતી. 9 મે 1540નાં રોજ ચિત્તોડના રાજા રાણા ઉદયસિંહના પ્રથમ સંતાન તરીકે તેમનો જન્મ થયો. રાજવી પરિવારમાં જન્મ્યા હોવા છતાં તેમનું બાળપણ ભીલો વચ્ચે વીત્યું. તેમના પિતા ઉદયસિંહનું અવસાન 28 ફેબ્રુઆરી, 1572નાં રોજ થયું હતું. રાણા ઉદયસસિંહે તેમની યુવાન રાણીના પુત્ર જગમાલને પોતાનો વારસ નીમ્યો હતો. જો કે મુઘલો સાથે મેવાડની સતત ચાલતી લડાઈને ધ્યાનમાં લઈને દરબારીઓએ મહારાણા પ્રતાપને ગાદીએ બેસાડી દીધા. ધુંઆપુંઆ થયેલો જગમાલ બળવો કરીને અકબરની સેનામાં જોડાઇ ગયો. મહારાણા પ્રતાપે સોંગદ લીધા કે, ''જ્યાં સુધી ચિત્તોડને મુઘલોના કબ્જામાંથી આઝાદ ન કરું ત્યાં સુધી હું સોનાની થાળીમાં નહીં જમું અને જમીન પર જ સૂઈશ.''

ગાદી સંભાળ્યા બાદ અકબરે પ્રતાપને ચાર વાર સંધિનો પ્રસ્તાવ મૂક્યો. પણ મુઘલોની ગુલામી સ્વીકારવાને બદલે તેમણે સંઘર્ષનો માર્ગ અપનાવ્યો અને સંઘર્ષનો માર્ગ અપનાવ્યો, જેને પગલે 1576માં હલ્દીઘાટી ખાતે મુઘલો સાથે ખુંખાર યુધ્ધ થયું. અકબરની 10,000 સૈનિકોની વિશાળ સેના સામે કેટલાંક ભીલ સૈનિકો સહિત 3,000 સૈનિકોનો કાફલો ધરાવતા પ્રતાપે મુઘલોને જડબાતોડ જવાબ આપ્યો. મહારાણાને દુશ્મનોથી ઘેરાયેલા જોઇને તેમના ખાસ વિશ્વાસુ ઝાલા માનસિંહે એક યુક્તિ કરી. મહારાણાને બચાવવા તેમણે મુઘલો તરફ રજવાડી ચંદરવો પ્રદર્શિત કર્યો અને બલિદાન આપ્યું. પ્રતાપે જંગલોમાં સ્વ દેશવટો ભોગવ્યો. હલ્દીઘાટી યુધ્ધના છ વર્ષ પછી દિવેરના યુધ્ધમાં તેમણે મુઘલોને હરાવ્યા. એક પછી એક અનેક પ્રદેશોને મુઘલો પાસેથી પરત આંચકી લીધા. માતૃભૂમિની રક્ષા કાજે સતત લાંબો સંઘર્ષ કર્યા બાદ 19 જાન્યુઆરી, 1597નાં રોજ તેમનું અવસાન થયું. એ વખતે અકબર લાહોરમાં હતા. અને રાજસ્થાનના પ્રસિધ્ધ કવિ દુરસા આધા પણ અકબરના દરબારમાં હાજર હતા. રાણા પ્રતાપના અવસાનના સમાચાર સાંભળીને તેમણે લોકબોલીમાં આ કવિતા સંભળાવી:

अस लग अणदाग पाग लग अणनाम
गो आडा गवड़ाय जीको बहतो घुरवामी
नवरोजे न गयो न गो आसतां नवल्ली
न गो झरोखा हेठ जेठ दुनियाण दहल्ली
गहलोत राणा जीती गयो दसण मूंद रसणा डसी
निसा मूक भरिया नैण तो मृत शाह प्रतापसी

આ કવિતા મહારાણા પ્રતાપના એ વ્યક્તિત્વનું ગુણગાન કરે છે કે કઈ રીતે તેમના દુશ્મનો પણ તેમના શૌર્યની પ્રશંસા કરતા હતા. ■



# જય જવાન જય કિસાનઃ સૂત્રને વાસ્તવિકતામાં પરિવર્તિત કર્યું

**દાયકાઓ જૂનું સૂત્ર 'જય જવાન, જય કિસાન' બદલાતું રહે છે. એક બાજુ, અર્ધલશ્કરી દળ સીઆરપીએફ પર્યાવરણ સંરક્ષણ માટે પ્રયાસ કરી રહી છે, ત્યારે બીજી બાજુ, ગુજરાતના એક ખેડૂતે સરગવાના ઉચ્ચ ગુણવત્તાસભર બિયારણ વિકસાવ્યા છે, જેને પ્રોત્સાહક પરિણામ મળ્યા છે.**

## સલામતીમાંથી પર્યાવરણ સંરક્ષણ....



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા 'કેચ ધ રેન' કેમ્પેનમાંથી પ્રેરણા લઇને સીઆરપીએફ ગ્રૂપ સેન્ટર, અજમેરે જળ સંરક્ષણ માટે ઊંડું તળાવ ખોદવાનો નિર્ણય કર્યો. સીઆરપીએફના આઇજી વિક્રમ સેહગલના વડપણ હેઠળ કામ ચાલી રહ્યું છે. સીઆરપીએફ કેમ્પ પાસે પહાડ અને જંગલ વચ્ચે એક કુદરતી ખાડો હતો. સીઆરપીએફના જવાનોએ આ જગ્યાને વધુ ઊંડી કરી અને તેના બંને તરફ પાળા બાંધ્યા. વરસાદની મોસમમાં આ કુદરતી ખાડામાં પાણી ભરાઇ જતું હતું, જેનો ઉપયોગ પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષો અને સીઆરપીએફ માટે કરવામાં આવતો હતો. આ તળાવના પાણીનો ઉપયોગ સિંચાઇ અને બાગાયત માટે કરવામાં આવતો હતો. વિક્રમ સિંહે જણાવ્યું કે, તળાવને રીચાર્જ કરવાથી અને પાણી ઓવરફ્લો થવાથી ભૂગર્ભ સ્તર ઊંચું આવ્યું છે. તેનાથી 12 ટ્યુબવેલ રિચાર્જ કરવામાં પણ મદદ મળી રહી છે. સીઆરપીએફે પોતાના માટે અનેક નાના તળાવો ખોદ્યા છે. વડાપ્રધાનના 'કેચ ધ રેન' કેમ્પેનમાં જોડાવાની અપીલ બાદ જળ સંરક્ષણની આ પહેલ કરવામાં આવી છે.

## સરગવાએ ગુજરાતના ખેડૂતને સમૃદ્ધ કર્યા



આત્મનિર્ભરતાનું સાચું ઉદાહરણ પુરું પાડતા ગુજરાતના પાટણ જિલ્લાના ખેડૂતે સરગવાના બિયારણ વિકસાવ્યા છે, જે વધુ સારી ઉપજ અને ગુણવત્તા ધરાવે છે. સરગવા ઉગાડવાનું શરૂ કર્યા બાદ કામરાજ ચૌધરીની સમૃદ્ધિમાં અનેક ગણો વધારો થયો છે. તેઓ ગુજરાતની બહાર તામિલનાડુ, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં પોતાની ઉપજ વેચીને સારું એવું કમાય છે. તેઓ હવે પાકનું વિસ્તરણ કરવાની યોજના પણ ધરાવે છે. ચૌધરીએ જણાવ્યું કે, તેઓ છેલ્લાં 10 વર્ષથી સરગવો ઉગાડે છે અને તેનું ભાવિ ખૂબ સારું છે. તેઓ આ પાકમાંથી પ્રતિ વીઘા રૂ. 1થી 1.25 લાખ જેટલું કમાઇ લે છે. સરગવાના પાક માટે વધુ કમ્પોસ્ટનો ઉપયોગ થાય છે. ખરેખર તો, આયુર્વેદ માટે સરગવાની ઘણી માગ છે. એમ કહેવાય છે કે 300થી વધુ બિમારીની સારવાર માટે આયુર્વેદ દવા તરીકે સરગવાનો ઉપયોગ થાય છે. સરગવાને સહજન, મોરિંગા, ડ્રમસ્ટીક જેવા અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં સરગવાના ગુણવત્તાસભર બિયારણો વિકસાવવા બદલ કામરાજ ચૌધરીની પ્રશંસા કરી હતી. ■



**Narendra Modi** @narendramodi ·
Reviewed preparedness to handle the ongoing COVID-19 situation. Aspects relating to medicines, oxygen, ventilators and vaccination were discussed. Like we did last year, we will successfully fight COVID with even greater speed and coordination. pib.gov.in/PressReleasePa...



**Rajnath Singh** @rajnathsi...
Tributes to our courageous security personnel who were killed in action while fighting against the Left Wing Extremists at Sukma-Bijapur border in Chhattisgarh. They fought with utmost courage and their sacrifice will never be forgotten. My deepest condolences to their families.



**Amit Shah** @AmitShah ·
रेमडेसिविर का प्रोडक्शन अभी भी हमारे यहाँ प्रयाप्त मात्रा में हो रहा है, हमने एहतियातन एक्सपोर्ट को बैन किया है।

लेकिन जब आपा धापी होती है तो लोग panic buying करते हैं जिससे shortage आती है।

मैं सभी से अपील करता हूँ कि अगर डॉक्टर ने आपको कहा है तभी इस इंजेक्शन को लें।



**Nitin Gadkari** @nitin_gadkari
For Odisha -
Ministry of Road Transport and Highways has sanctioned 14 Projects of 314.17 Km worth Rs. 1144.29 Cr & Road safety work worth Rs. 1.42 Cr for the state of Odisha during 2020-21. @pcsarangi @dpradhanbjp @Naveen_Odisha @SamirMohantyBJP @BJP4Odisha



**Sadananda Gowda** @DVSadanandGowda
In a huge relief to people in this crucial time, after Govt's intervention, the price of #Remdesivir is now reduced!
I am grateful to Pharma companies for standing along with PM @narendramodi's fight againt #Covid.
Revised prices of major brands of #Remdesivir 100 mg/vial are



**Dr. S. Jaishankar** @DrSJaish...
Underlined that in diplomacy today, doing good is being smart. Vaccine Maitri reflects the larger outlook of Vaisudhaiva Kutumbakam.

Health security is now integral to national security. No one is safe till everyone is safe.

RAISINA DIALOGUE: VACCINE MAITRI TO ENSURE NO ONE GETS LEFT BEHIND, SAYS JAISHANKAR

# Gave vaccine to 80 countries, will continue: PM

EXPRESS NEWS SERVICE
NEW DELHI, APRIL 13

INDICATING THAT New Delhi will supply Covid vaccines to other countries, Prime Minister Narendra Modi on Tuesday said that India will continue to share its resources in the fight against the pandemic.

The Prime Minister's remarks came after External Affairs Minister S Jaishankar defended India's decision to supply Covid vaccines to other countries and said there is a need to ensure equitable access to it across the world. "I think equitable access (to vaccines) is critically important in this. Because we all know that no one will be safe till everyone is safe," Jaishankar had said.

Both Modi and Jaishankar spoke at the Raisina Dialogue, which is being held virtually this ...

... India have tried to walk the talk. We have tried to protect our own 1.3 billion citizens from the pandemic. At the same time we have also tried to support the pandemic response efforts of others. In our neighborhood, we have encouraged our coordinated regional response to the crisis. Last year we shared medicines and protective equipment with over 150 countries. We understand fully, that mankind will not defeat the pandemic unless all of us, everywhere, regardless of the color of our passports, come out of it."

"That is why, this year despite many constraints, we have supplied vaccine to over 80 countries. We know that the supplies have been modest. We know that the demands are huge. We know that it will be a long time before the entire humanity can be vaccinated. At ...



Prime Minister Narendra Modi speaks at the Raisina Dialogue, in New Delhi on Tuesday. PTI

... continue to share our experiences, our expertise and also our resources with the entire humanity in the fight against the pandemic," he said.

Jaishankar also said that ...

... macy, doing good is being smart, the minister said 'vaccine maitri' reflects the larger outlook of 'Vasudhaiva Kutumbakam' (world is one family), asserting that health security is now inte- ...

... have had access to them. "For small countries, it is not just the ability to buy, but also the wherewithal to access markets. The big debates around globalisation are 'equity' and 'fairness'", he said.

Rwanda's President Paul Kagame thanked India for the vaccines to African countries.

Making a broad political point, Modi said, "After the end of the Second World War, over the next few decades, many structures and institutions were created but under the shadow of the two wars they were aimed at answering only one question, how to prevent the third world war. Today, I submit to you that this was the wrong question, as a result all the steps taken were like treating a patient's symptoms without addressing the underlying causes. Or to put it differently, all the steps taken were to prevent the last war, not the next ...

... not reduced in people's lives. With a number of proxy wars and unending terror attacks, the prospect of violence is ever present, he said.

Calling for a more human-centric approach, the Prime Minister said, "It is not too late even now. The mistakes and misdeeds of the past seven decades need not constrain our thinking for the future. The Covid-19 pandemic has presented us an opportunity to reshape the world order, to reorient our thinking. We must create systems that address the problems of today and the challenges of tomorrow. And we must think of the entire humanity and not merely of those who are on our side of the borders. Humanity as a whole must be at the center of our thinking and action."

"While we may be used having Plan A and plan B, there is no Planet B, only planet Earth ...

# PM: Celebrating Guru Tegh Bahadur's birth anniv 'spiritual privilege' for me

Times News Network

**New Delhi:** Chairing a high-level committee formed to decide how India will celebrate the 400th birth anniversary of Sikh Guru Tegh Bahadur Singh, PM **Narendra Modi** said on Thursday that celebrating the Guru's 400th Prakash Purab was a "spiritual privilege" and "a national duty" for him.



At a virtual gathering of the committee comprising former PM Manmohan Singh, home minister Amit Shah, leader of opposition in Rajya Sabha, Mallikarjun Kharge and Punjab CM Amarinder Singh among others, Modi said the country drew inspiration from Guru Tegh Bahadur.

He said the government felt privileged to have the opportunity to celebrate the 550th Prakash Purab of Guru Nanak Dev Ji, the 400th Prakash Purab of Guru Tegh Bahadur and the 350th Prakash Purab of Guru Gobind Singh. He said the year-long activities should be such that the entire Guru tradition is propagated the world over.

Kharge urged Modi to reach out to farmers protesting against the contentious farm laws, who he said are from Punjab and represent the Guru. "With this, the 400th birth anniversary of Shri Guru Tegh Bahadur ji will be celebrated with more enthusiasm," he said. Punjab CM Amarinder Singh presented the government's plans to publicise how the Guru believed that religious harmony was only possible when one is not forced to change religion.

# Modi for global synergy to face pandemic challenge

PNS ■ NEW DELHI

Prime Minister Narendra Modi on Tuesday cautioned that in the fight against corona pandemic the world is still "underprepared" and called for a united global approach to face the challenge.

He also called for changing the mindset in bracing for future threats and called for human centric approach in dealing with them.

Making this assertion here while inaugurating the sixth edition of the Raisina Dialogue, he also said the world still faced violence in many facets, especially proxy war and terrorism, ...



... place at a watershed moment in human history.

"A global pandemic has been ravaging the world for over a year. The last such global pandemic was a century ago," he said.

"During this pandemic, in ...

... from the pandemic. At the same time, we have also tried to support pandemic response efforts of others," he said.

Highlighting India's role in the fight against corona pandemic, the Prime Minister said, "We understand fully, that mankind will not defeat the pandemic unless all of us, everywhere, regardless of the colour of our passports, come out of it. That is why, this year, despite many constraints, we have supplied vaccines to over 80 countries."

In his nearly ten-minute address, Modi said, "Although, humanity has faced many infectious diseases since then. The world today is underpre- ...

# Tika Utsav beginning of another major war against corona: PM

EXPRESS NEWS SERVICE
NEW DELHI, APRIL 11

INDIA ON Day 1 of the 'Tika Utsav' administered 27.69 lakh doses of the Covid-19 vaccine till Sunday evening, the Health Ministry said, with Prime Minister Narendra Modi calling the drive the "beginning of another major war against corona".

The special vaccination drive was launched after Modi had said last week that over the four-day festival – from April 11, which is the birth anniversary of Jyotiba Phule, to April 14, the birth anniversary of B R Ambedkar – the country will try to achieve maximum vaccination coverage for ...



PM Narendra Modi

The PM said that as part of the war against the virus, the country must keep four important issues in mind – "Each One-Vaccinate One, that is, help those who are less educated and elderly, who cannot go and get vaccinated themselves. Each One-Treat One, ...

... way I save myself and save the lives of others also.

"The fourth important thing is that in the event of someone contracting corona, the people of the society should lead in the creation of micro-containment zones. Family members and people of the society should create a 'micro-containment zone' wherever a Corona positive case has been reported," Modi said.

In his message, the PM reiterated that in densely populated country like India, micro-containment zones is also an important way to fight corona. "In the event of detection of a single positive case, it is very important for all of us to be alert and to test the rest of the people. At the same time, the society and the ...



Second shot: Prime Minister Narendra Modi has urged all those eligible to get vaccinated soon.

# PM gets second dose of Covaxin at AIIMS

SPECIAL CORRESPONDENT
NEW DELHI

Prime Minister Narendra Modi on Thursday took the second dose of COVID-19 vaccine at the All India Institute Of Medical Sciences (AIIMS), New Delhi. He received the first dose of Bharat Biotech's Covaxin on ...

... dose of the vaccine and said: "Got my second dose of the COVID-19 vaccine at AIIMS. Vaccination is among the few ways we have, to defeat the virus. If you are eligible for the vaccine, get your shot soon. Register on CoWin.gov.in."


The two nurses who ad- ...

RNI No. :
DELGUJ/2020/78810
May: 1-15, 2021

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date April 20, 2021, Pages - 40)






# ध्यान दें!
# सावधानी बरतें, सुरक्षित रहें!

**वैक्सीनेशन करवाएं • मास्क पहनकर रखें**
**कोरोना नियमों का पालन करें**



## सफाई, दवाई और कड़ाई
## जीतेंगे कोरोना से लड़ाई

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by: Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Viba Press Pvt Ltd. C66/3, Okhla Ind Area Phase-II, New Delhi 20